Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

REGISTERED No. B. 156.

श्री

# જૈન ધર્મ પ્રકાશ.

वंद्यास्तीर्थकृतः सुरेंद्रमहिताः पूजां विधायामलां ।
सेव्याः सन्मुनयश्च पूज्यचरणाः श्राव्यं च जैनंवचः ॥
सच्छीलं परिपालनीयमतुलं कार्यं तपो निर्मलं ।
ध्येया पंचनमस्कृतिश्च सततं भाव्या च सद्भावना ॥१॥

પુસ્તક ૩૨ મું.] શ્રાવણ. સંવત ૧૯૭૨. વીર સંવત ૨૪૪૨. [અંક ૫ મો.

પ્રગટ કર્તા,
શ્રી જૈન ધર્મ પ્રસારક સભા—ભાવનગર.

अनुक्रमणिका.

૧ આશાની અભિલાષા ( પદ્ય ) ... ... ... ... ... ૧૪૧
૨ અન્યોક્તિ—અષ્ટક ( પદ્ય ) ... ... ... ... ... ૧૪૨
૩ પ્રશમરતિ પ્રકરણ, અર્થ વિવેચનયુક્ત. ... ... ... ... ૧૪૩
૪ સર્વ ઉન્નતિનું મૂળ—આત્મોન્નતિ.. ... ... ... ... ૧૪૭
૫ યોગ્યાયોગ્ય શિષ્ય પરીક્ષા. ... ... ... ... ... ૧૫૦
૬ "અહિંસા પરમો ધર્મઃ"—સત્ય કે ક્લ્પના ?... ... ... ૧૫૪
૭ દુઃખિતેષુ કુરુ દયાં ( બારમું સૌજન્ય ) ... ... ... [illegible]
૮ જિનરાજ—ભક્તિ. ... ... ... ... ... [illegible]

ભાવનગર—ધી આનંદ પ્રીન્ટીંગ પ્રેસમાં શા. ગુલાબચંદ લલ્લુભાઇએ છાપ્યું.

વાર્ષિક મુલ્ય રૂ. ૧) પોસ્ટેજ રૂ. ૦-૪-૦ જેના પોસ્ટેજ સહિત.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## અમારૂં પુસ્તક પ્રસિદ્ધિ ખાતું.

### ૧ હાલમાં છપાય છે.

૧ શ્રી કર્મપ્રકૃતિ ગ્રંથ, શ્રી યશોવિજયજી ઉપાધ્યાય કૃત મોટી ટીકાયુક્ત.
૨ શ્રી ઉપદેશ સપ્તતિકા ગ્રંથ. મોટી ટીકાયુક્ત.
૩ યંત્ર પૂર્વક કર્મગ્રંથાદિ વિચાર ( બુકાકારે )
૪ શ્રી શાંતિનાથ ચરિત્ર. પદ્યબંધ. સંસ્કૃત.
૫ શ્રી ત્રિષષ્ટિ શલાકા પુરૂષ ચરિત્ર. પર્વ ૮–૯ ભાષાંતર.
૬ શ્રી પાંચ પ્રતિક્રમણસૂત્ર ગુજરાતી ( શિલાછાપ. )
૭ શ્રી ચંદરાજાનો રાસ. ભાવાર્થ ને રહસ્યયુક્ત. ( ગુજરાતી )

### ૨ તૈયાર હોવાથી હવે છપાવા શરૂ થશે.

૮ શ્રી ઉપદેશ પ્રસાદ ગ્રંથ મૂળ. સ્થંભ ૭ થી ૧૨. સંસ્કૃત.
૯ શ્રી સપ્તતિકા ( છઠ્ઠા કર્મગ્રંથ )ની ભાષ્ય. ટીકાયુક્ત.
૧૦ શ્રી પરિશિષ્ટ પર્વ ભાષાંતર.
૧૧ શ્રી કર્પૂર પ્રકર ગ્રંથ. મોટી ટીકાયુક્ત.
૧૨ શ્રી હૈમલઘુ પ્રક્રિયા વ્યાકરણ. આવૃત્તિ ૨ જી.

### ૩ તૈયાર થાય છે.

૧૩ શ્રી પાર્શ્વનાથ ચરિત્ર ગદ્યબંધનું ભાષાંતર.
૧૪ શ્રી ઉપમિતિ ભવપ્રપંચા કથાનું ભાષાંતર.
૧૫ શ્રી હેમચંદ્રાચાર્ય ચરિત્ર. ( સ્વતંત્ર લેખ )
૧૬ શ્રી હિરસૌભાગ્ય મહાકાવ્યનું ભાષાંતર.
૧૭ શ્રી હૃદયપ્રદીપ ષટ્ત્રિંશિકા સટીક ભાષાંતર.
૧૮ શ્રી ઉપદેશ પ્રાસાદ ગ્રંથ, મૂળ. સ્થંભ ૧૩ થી ૨૪. સંસ્કૃત.

ઉપર જણાવેલા ગ્રંથો પૈકી નંબર. ૯–૧૦–૧૨–૧૩–૧૪–૧૫–૧૭–૧૮ ને માટે કોઇ ઉદાર ગૃહસ્થ સહાય આપવા ઇચ્છા ધરાવશે તો તેમની ઇચ્છાનુસાર તેમનું નામ જોડીને પ્રકટ કરવામાં આવશે. તંત્રી.

---

## શ્રી વેજોરા જૈન જ્ઞાનપ્રવેશક સભાનો વાર્ષિક મહોત્સવ.

ગયા અશાડ શુદિ ૧ ને આ સભાની વર્ષગાંઠ હોવાથી સર્વ સભાસદોએ સવારે સ્નાત્ર મહોત્સવ કર્યો છે. બપોરે મોહનીય કર્મની પૂજા ભણાવી છે ને સાંજે શ્રી જૈન જ્ઞાનવર્ધક પાઠક પાઠશાળાના વિદ્યાર્થીઓ સહીત આનંદ ભોજન કર્યું છે. સભાને પાંચ વર્ષ પૂરા થયા છે; છઠ્ઠામાં પ્રવેશ કર્યો છે. રાત્રે જિનમંદિરમાં ભાવના ભાવી સભાની ઓફીસમાં મીટીંગ ભરી તેમાં વાર્ષિક રીપોર્ટ વાંચી બતાવવામાં આવ્યો છે.

અશાડ શુદિ ૯ મે શાળાના વિદ્યાર્થીઓ પૈકી વ્યવહારિક કેળવણીમાં પાસ થયેલાઓને ભાઇ હરગોવિંદ નાગરદાસના શ્રેયાર્થે ઇનામ આપવાનો મેળાવડો કરવામાં આવ્યો છે. આ મંડળ ઉત્સાહપૂર્વક સારૂં કામ કરે છે. અમે તેની ઉન્નતિ ઇચ્છીએ છીએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# श्री जैन धर्म प्रकाश.

पिता योगाभ्यासो विषयविरतिः सा च जननी ।
विवेकः सोदर्यः प्रतिदिनमनीहा च भगिनी ॥
प्रिया क्षांतिः पुत्रो विनय उपकारः प्रियसुहृत् ।
सहायो वैराग्यं गृहमुपशमो यस्य स सुखी ॥ १ ॥

પુસ્તક ૩૨ મું. ] શ્રાવણ. સંવત ૧૯૭૨. વીર સંવત ૨૪૪૨. [ અંક ૫ મો.

## आशानी अभिलाषा.

રાગ—કાફી.

વિરમે ન વન્હિ[1] આશા, ઇંધન[2] ધનની પિપાસા; વિરમે ન૦ ( એ ટેક. )
આશા અગની ધન ઇંધનથી, તૃપ્તિ ન પામે પિશાચા;
જો સંતોષ જળે ન બૂઝાવે, ભસ્મ કરે ઘરવાસા;
કઠણ એ કર્મ તમાસા. વિરમે ન૦ ૧
શત સહસ્રે લખ કોટિની આશા, રાજ્ય મળે તોય આશા;
સદા જુવાની આશા બાઈને, જીવને ઘડપણ જાસા;[3]
પડે પછી ઉંધા પાસા. વિરમે ન૦ ૨
માય ન સાગર દ્વિપ નગ[4] ભૂમાં, થાય ન ગયણે સમાસા;
અમલ અખીલ[5] આલમમાં એનો, જ્યાં ત્યાં આશા નિવાસા;
વધે ધન વધુ અભિલાષા. વિરમે ન૦ ૩
અંગ ગળીત શીર પળીત દંત વિણ, ખાવાના હોય સાંસા;
વક્ર વળે વપુ[6] નેત્ર નાક મુખ, ચૂવે તોય અતિ આશા;
શ્વાસ તક આશા પ્યાસા. વિરમે ન૦ ૪
આશા મોહરાયની બેટી, લઘુ ગુરૂ જન તસ દાસા;
રહે વિરક્ત વિરલ તસ ગુણના, સાંકળચંદ રચે રાસા;
સુખી સંતોષી નિરાશા. વિરમે ન૦ ૫

૧ અગ્નિ. ૨ કાષ્ટ—લાકડાં. ૩ સંદેશો. ૪ પર્વત. ૫ બધી. ૬ શરીર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# अन्योक्ति--अष्टक.

( ગુ--ગીતિમાં )

**દીપક પ્રત્યે—**

[૧]કાચભવનમાં રહીને, સ્વપર પ્રકાશક તુજને સહુ જાણે;
હે દીપક ! તું પોતે, [૨]આત્મભવનને શ્યામ કરે શાને ?

**જળ પ્રત્યે--**

નિર્મળ ને શીતલ તું, પરને પાવન કરે તાપ વારે;
[૩]નીચ પથે હે જળ ! તું, જાય નિહાળી નયન નીર ધારે.

**નદી પ્રત્યે--**

[૪]રત્નાકરની પત્ની, અમિત [૫]પાંથને શીતલ જળ આપે;
વક્રપણું તુજ સરિતા ! જોતાં દિલમાં ખેદ અતિ વ્યાપે.

**ચંદ્ર પ્રત્યે--**

અરે [૬]સુધાકર ! શાણા, નામ તુલ્ય તુજમાં ગુણ ભાસે છે;
પણ તુજ કલંક ભાળી, ચતુર જનોનું અંતર ત્રાસે છે.

**સાગર પ્રત્યે--**

સાગર શરમ ન આવે, બહુ ગંભીર વૃથા શિદને ગાજે ?
વૃથા કૃપણ-જળ તારું, સંઘરી તું રાખે છે શા કાજે ?

**ગુલાબ પ્રત્યે--**

[૭]પરિમલ ને સુંદરતા, નિરખી તારા ગુલાબ મન મોહ્યું;
કંટક તું શિદ ધારે ?, એથી તારું હીનપણું જોયું.

**ભ્રમર પ્રત્યે—**

અરે ભ્રમર ! તું [૮]ભ્રમથી, [૯]કમળકોશમાં [૧૦]મુગ્ધ બને શાને ?
એ તારું બંધન છે, પણ સુરભિના લોભે ક્યમ માને ?

૧ ફાનસ. ૨ પોતાના. ૩ નીચે માર્ગે. ૪ સમુદ્ર. ૫ મુસાફર. ૬ ચંદ્ર. ૭ સુગંધ. ૮ ભ્રાંતિથી. ૯ કમળના મધ્યભાગમાં. ૧૦ સંપુટ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કમળ પ્રત્યે—

[11]કંજ ! ઘડીભર ખીલીને, સુવાસ આપી [12]સુવાસ લઇ લેજે;
[13]દિનમણિ અસ્ત થશે તો, કરમાશે તું ધ્યાન જરી દેજે.

રત્નસિંહ—દુમરાકર.

# प्रशमरति प्रकरण.

[ અર્થ વિવેચન યુકત ]

(અનુસંધાન પૃષ્ટ ૧૧૬ થી)

અહીં કોઇ આશંકા કરે કે આહાર શય્યા અને વસ્ત્રપાત્રાદિક ગ્રહણ કરતાં છતાં સાધુ અકિંચન-અપરિગ્રહી કેમ કહેવાય? તેનુ શાસ્ત્રકાર સમાધાન કરે છે.

पिण्डः शय्या वस्त्रैषणादि पात्रैषणादि यच्चान्यत् ।
कल्प्याकल्प्यं सद्धर्मदेहरक्षानिमित्तोक्तम् ॥ १३८ ॥
कल्प्याकल्प्यविधिज्ञः संविग्नसहायको विनीतात्मा ।
दोषमलिनेऽपि लोके प्रविहरति मुनिर्निरुपलेपः ॥ १३९ ॥
यद्वत्पङ्काधारमपि पङ्कजं नोपलिप्यते तेन ।
धर्मोपकरणधृतवपुरपि साधुरलेपकस्तद्वत् ॥ १४० ॥

**ભાવાર્થ**:-આહાર, શય્યા, વસ્ત્ર, અને પાત્ર એષણા વિગેરે જે કંઇ કલ્પ્યાકલ્પ્ય કહ્યું છે તે સર્વ ચારિત્રદેહની રક્ષાને નિમિત્તે છે. કલ્પ્યાકલ્પ્ય વિધિનો જાણ, ગીતાર્થનિશ્રિત અને વિનયવંત મુનિ, દોષથી મલીન લોકમાં પણ લેપરહિત વર્તે છે. જેમ પંકની ઉપર રહેલું કમળ પંકથી લેપાતું નથી તેમ ધર્મોપકરણવડે શરીરને ધારણ કરનાર સાધુ પણ તેનાથી લેપાતા નથી. ૧૩૮-૧૩૯-૧૪૦

વિ૦-અશન, પાન, ખાદિમ અને સાદિમ એ ચાર પ્રકારનો પિંડ (આહાર), શય્યા-સંથારો, ઝોળી, પલ્લાં, ચોળપટ્ટ, મુહપત્તિ પ્રમુખ વસ્ત્ર અને તે ગ્રહણ કરવા સંબંધી સઘળો વિધિ, તેમજ પાત્ર-ભાજન અને તે ગ્રહણ કરવાનો સઘળો વિધિ તેમજ વળી દંડક (દાંડો) પ્રમુખ ઔપગ્રહિક ઉપધિ એ સર્વમાં કલ્પ્ય અકલ્પ્યનો ભેદ જે બતાવવામાં આવ્યો છે તે ક્ષમાદિ દશવિધ યતિધર્મનું અને તેના આધારભૂત દેહનું રક્ષણ કરવા માટે બતાવેલ છે. તેમાં પણ યથાસંભવ ઉત્સર્ગ અને અપ-

૧૧ હે કમળ ! ૧૨ સુયશ. ૧૩ સૂર્ય.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બાદ માર્ગ લક્ષમાં રાખીને કલ્પ્ય અને અકલ્પ્ય બંને અંગીકાર કરી શકાય છે. એક મૈથુન સિવાય બધા વિષયમાં અપવાદ હોઈ શકે છે. યથાસંભવ એનો આદર કરતાં તેમાં મૂર્છા રહિતપણું હોવાથી એ પરિગ્રહ લેખાતા નથી, કેમકે 'મૂર્છા–મમતા' એજ પરિગ્રહ છે એમ શાસ્ત્રમાં ફરમાવેલું છે.

એ રીતે સાધુને નિષ્પરિગ્રહતા જણાવી તેનુંજ ફરી સ્પષ્ટીકરણ કરવામાં આવે છે.

વિ૦–જે સાધુ શુદ્ધાશુદ્ધ આહાર, શય્યા, વસ્ત્ર પાત્રાદિક યથાઅવસર ગ્રહણ કરવાની વિધિના જાણ હોય, ભવભીરૂ અને સમ્યગ્ જ્ઞાનક્રિયાથી યુક્ત એવા સાધુઓની સહાયવાળા હોય અર્થાત્ બીજી નકામી સહાયની પરવા નહિ રાખનારા હોય અથવા સુસહાય પ્રાપ્ત હોય, અને સમ્યગ્ જ્ઞાન દર્શન ચારિત્રાદિક ગુણો અને એવા ગુણવંત પ્રત્યે જે સ્વાભાવિક રીતે વિનીત–વિનયવંત હોય તે મહાનુભાવ મુનિ રાગદ્વેષાદિ દોષવડે મલીન એવા લોકમાં રહેતાં છતાં નિર્લેપપણે વર્તી, નિજ કર્મમળ દૂર કરવા શક્તિવાન્ થઈ શકે છે. કેમકે તે તુચ્છ લોભાદિક દોષમાત્રથી સાવધાનપણે દૂર રહે છે.

રાગાદિક દોષવાળા લોકમાં રહેતા અને તેના સંસર્ગમાં આવતા સાધુ દોષોથી કેમ–કેવી રીતે લેપાતા નથી તે શાસ્ત્રકાર કહે છે.

વિ૦–જેમ કાદવના મધ્યમાંથી ઉત્પન્ન થયેલું અને કાદવના મધ્યમાં રહેલું કમળ તે કાદવથી લેપાતું નથી તેમ ધર્મોપકરણવડે ધર્મની રક્ષા માટે દેહને ધારણ કરનાર સાધુ શુદ્ધાશયપણાથી મૂર્છારહિત હોવાથી લોભ દોષવડે સ્પર્શાતા નથી તેથી તે નિર્લેપ–દોષ રહિત રહી શકે છે. ૧૩૮–૧૩૯–૧૪૦

વળી તેના ઉપર બીજું પણ દ્રષ્ટાંત શાસ્ત્રકાર આપે છે.

यद्वत्तुरगः सत्स्वप्याभरणविभूषणेष्वनभिषक्तः ।
तद्वदुपग्रहवानपि न संगमुपयाति निर्ग्रन्थः ॥ १४१ ॥
ग्रन्थः कर्माष्टविधं मिथ्यात्वाविरतिदुष्टयोगाश्च ।
तज्जयहेतोरशठं संयतते यः स निर्ग्रन्थः ॥ १४२ ॥

ભાવાર્થ–જેમ અનેક આભરણો ધારણ કર્યાં છતાં અશ્વ તેમાં આસક્ત થતો નથી તેમ ધર્મોપકરણને ધારણ કર્યાં છતાં નિર્ગ્રંથ તેમાં મોહ પામતા નથી. આઠ પ્રકારના કર્મ, મિથ્યાત્વ, અવિરતિ અને મન વચન કાયાના દુષ્ટ યોગ એ ગ્રંથ કહેવાય છે. તેનો જય કરવાને જે કપટ રહિત પુરૂષાર્થ કરે છે તેજ નિર્ગ્રંથ છે. ૧૪૧–૧૪૨

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિ૦–જેમ અશ્વ( ઘોડા )ને ગમે તેટલાં આભૂષણો પહેરાવ્યાં હોય અને આસર વિગેરે પ્રમુખથી ગમે તેટલી શોભા કરી હોય છતાં તેમાં તે રાગ ધરતો નથી તેમ ધર્મરક્ષા નિમિત્તે ઉપકરણ ધરતાં છતાં સાધુ–નિર્ગ્રંથ મૂર્છા પામતા નથી. અને એ રીતે ધર્મોપકરણમાં પણ મૂર્છા–મમતા રહિત હોવાથીજ તે નિર્ગ્રંથ કહેવાય છે.

એ ગ્રંથ કેવા પ્રકારનો છે કે જેનાથી મુક્ત થયે નિર્ગ્રંથ કહેવાય તે શાસ્ત્રકાર સમજાવે છે.

વિ૦–જેનાવડે બંધાય–વિંટાય તે ગ્રંથ કહેવાય છે અને તે જ્ઞાનાવરણીય પ્રમુખ આઠ પ્રકારનાં કર્મ, તત્ત્વાર્થ વિષે અશ્રદ્ધાન રૂપ મિથ્યાત્વ, પ્રાણાતિપાતાદિક પાપસ્થાનકોથી નહિ નિવર્તવારૂપ અવિરતિ, અને મન વચન કાયાસંબંધી દુષ્ટ યોગો કે જે અષ્ટવિધ કર્મબંધના હેતુરૂપ છે તે બધાનું નિરાકરણ કરવા નિષ્કપટપણે સમ્યગ્ રીતે યત્ન કરે તે નિર્ગ્રંથ કહેવાય છે. ૧૪૧–૧૪૨

સાધુ–સંયમવંતને શું કલ્પે અને શું ન કલ્પે? તેનો ખુલાસો ગ્રંથકાર કરે છે.

यज्ज्ञानशीलतपसामुपग्रहं निग्रहं च दोषाणाम् ।
कल्पयति निश्चये यत्तत्कल्प्यमकल्प्यमवशेषम् ॥ १४३ ॥
यत्पुनरुपघातकरं सम्यक्त्वज्ञानशीलयोगानाम् ।
तत्कल्प्यमप्यकल्प्यं प्रवचनकुत्साकरं यच्च ॥ १४४ ॥
किंचिच्छुद्धं कल्प्यमकल्प्यं स्यात्स्यादकल्प्यमपिकल्प्यम् ।
पिण्डः शय्या वस्त्रं पात्रं वा भेषजाद्यं वा ॥ १४५ ॥
देशं कालं पुरुषमवस्थामुपयोगशुद्धिपरिणामान् ।
प्रसमीक्ष्य भवति कल्प्यं नैकान्तात्कल्पते कल्प्यम् ॥ १४६ ॥

ભાવાર્થ:–જે નિશ્ચે જ્ઞાન, શીલ અને તપને સ્હાય કરે તેમજ અજ્ઞાનાદિ દોષને દૂર કરે તે કલ્પ્ય અને તેથી વિપરીત બીજું બધું અકલ્પ્ય સમજવું. વળી જે સમ્યક્ત્વ, જ્ઞાન અને શીલ વિગેરે ચારિત્રવ્યાપારને ઉપઘાત કરે તે તથા શાસનની લઘુતા કરે તે કલ્પ્ય છતાં પણ અકલ્પ્ય ( સમજવું. ) આહાર, શય્યા, વસ્ત્ર, પાત્ર અને ઔષધાદિ કોઇ વસ્તુ શુદ્ધ અને કલ્પ્ય હોય તોપણ અકલ્પ્ય થાય અને અકલ્પ્ય હોય તે કલ્પ્ય પણ થાય. દેશ, કાળ, પુરૂષ, અવસ્થા, ઉપયોગ, શુદ્ધિ અને પરિણામનો સારી રીતે વિચાર કરીને પછી કોઈ પણ વસ્તુ કલ્પે છે, અન્યથા કોઇ વસ્તુ એકાન્તે કલ્પતી નથી. ૧૪૩–૧૪૪–૧૪૫–૧૪૬

વિ૦—જે આહાર, ઉપધિ, શય્યાદિક વસ્તુ, સાધુને શ્રુત, જ્ઞાન, શીલ–

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સદાચાર ( મૂળ ઉત્તર ગુણો ) અને બાહ્ય અભ્યંતર તપની વૃદ્ધિ કરે અને ક્ષુધા, તૃષા, શીત, ઉષ્ણતા અથવા દ્વેષાદિક દોષને દૂર કરે તેવી વસ્તુ ઉત્સર્ગ કે અપવાદ માર્ગે ( સામાન્ય કે વિશેષ પ્રસંગે ) તેમને કલ્પે છે. અર્થાત્ જ્ઞાનાદિક ગુણોને ઉપકારક થાય અને રાગ દ્વેષાદિક દુષ્ટ દોષોને નિગ્રહકારી થાય તે આહારાદિક વસ્તુ ખરેખર સાધુજનોને લેવી કલ્પે છે અને બાકીની બધી વસ્તુઓ લેવી કલ્પતી નથી. એજ વાતને શાસ્ત્રકાર વધારે સ્પષ્ટ કરી બતાવે છે.

જે આહારાદિક વસ્તુને સેવતાં સમ્યગ્ જ્ઞાન, દર્શન અને ચારિત્ર વ્યાપારને અર્થાત્ સદ્ધર્મ અનુષ્ઠાનને અથવા તે તે ધર્મ અનુષ્ઠાન કરવામાં સહાયરૂપ થતા મન વચન કાયાના યોગને હાનિ પહોંચે તે, અન્ન દારૂ, માંસ કન્દમૂળ તથા અભોજ્ય ઘરની ભિક્ષા કે જે લેવાથી પવિત્ર શાસનની નિંદા ગર્હા થવા પામે તે બધી વસ્તુ ( અન્યથા કલ્પ્ય હોય તોપણ ) અકલ્પ્ય–લેવાને અયોગ્ય જાણવી. શાસન નિંદાકારક સઘળી વસ્તુ અકલ્પ્યજ છે.

ઘી, દુધ, દહિં, ગોળ પ્રમુખ વિગયોનો આહાર દોષ રહિત છતાં કામ વિકારાદિ ઉત્પન્ન થવામાં કારણરૂપ હોવાથી તે અનર્થ ઉત્પન્ન કરે માટે વર્જ્ય છે, તેજ વસ્તુ તથાપ્રકારના રોગાદિક કારણે કલ્પ્ય પણ છે. આહાર, શય્યા, વસ્ત્ર, પાત્ર અને ઔષધાદિક સઘળી વસ્તુના એ રીતે કલ્પ્યાકલ્પ્ય ભેદ ઘટે છે. ઉક્ત વસ્તુ કયારે કલ્પે અને કયારે ન કલ્પે તે સંબંધી વિવેક ગ્રંથકાર બતાવે છે.

જ્યાં સાધુજનોનો પરિચય ન હોય એવા દેશમાં, દુર્ભિક્ષાદિક કાળમાં અને રાજા અમાત્યાદિક દીક્ષિત પુરૂષ નિમિત્તે, અકલ્પ્ય વસ્તુ પણ લેવી કલ્પે છે. તેમજ માંદગી વિગેરે અપવાદ પ્રસંગે સદ્વૈદ્યના ઉપદેશથી અને શુદ્ધ પરિણામ યોગે પણ અકલ્પ્ય વસ્તુ કલ્પ્ય ( લેવા યોગ્ય) થાય છે. એકાન્તે કલ્પ્યજ કલ્પે અને અકલ્પ્ય ન જ કલ્પે એમ નથી, કિન્તુ જેવો દેશ કાળ પ્રમુખ પ્રસંગ હોય તેવી રીતે તે કલ્પ્યાકલ્પ્યનો વિવેક રાખી શકાય. કેમકે દેશકાળાદિક યોગે અકલ્પ્ય પણ કલ્પ્ય થાય અને કલ્પ્ય પણ અકલ્પ્ય થાય. ૧૪૩–૧૪૬

એરીતે સ્યાદ્વાદરીતે કલ્પ્યાકલ્પ્ય વિધિ બતાવી મન વચન કાય યોગને નિગ્રહ કરવા માટે સંક્ષેપથી કહે છે.

तच्चिन्त्यं तद्भाष्यं तत्कार्यं भवति सर्वथा यतिना ।
नात्मपरोभयबाधकमिह यत्परतश्च सर्वाद्धम् ॥ १४७ ॥

ભાવાર્થ:—જેથી સ્વપર કોઇને કદાપિ પણ આલોક કે પરલોકમાં પીડા ન થાય એવું જ મુનિઓ સર્વથા ચિંતવવું, એવુંજ બોલવું, અને એવુંજ કરવું. ૧૪૭

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિ૦—સંયમધારી સાધુજનોએ સર્વથા આર્ત રૈદ્ર એ બંને ધ્યાનને દૂર કરી મનવડે એવું ( રૂડું ) ચિન્તવવું, જીહ્વાવડે પણ એવુંજ વચન વદવું અને કાયાવડે પણ ધાવન વલ્ગનાદિક અજયણાવાળી ક્રિયા તજી એવુંજ કાર્ય કરવું કે જેથી તે કદાપિ કોઇને પણ ( પોતાને કે પરને ) બાધકકારી—હાનિકારી ન થાય. ૧૪૭

હવે શાસ્ત્રકાર સઘળી ઇન્દ્રિયોને નિયમમાં રાખવા માટે ઉપદિશે છે.

**सर्वार्थेष्विन्द्रियसंगतेषु वैराग्यमार्गविघ्नेषु ।**
**परिसङ्ख्यानं कार्यं कार्यं परमिच्छता नियतम् ॥ १४८ ॥**

**ભાવાર્થ:**—વૈરાગ્ય માર્ગમાં વિઘ્નકારી, ઇંદ્રિય સંબંધી સર્વ વિષયોમાં મોક્ષાભિલાષી મુનિએ નિશ્ચે નિયમ—નિગ્રહ કરવો. ૧૪૮.

વિ૦—ધર્મ અર્થ કામ ને મોક્ષ એ ચારમાં શ્રેષ્ઠ એવા મોક્ષપ્રાપ્તિ લક્ષણ શાશ્વત કાર્યને ઇચ્છતા—અભિલષતા પુરૂષે પાંચે ઇન્દ્રિયો સંબંધી જે સઘળા વિષયો વૈરાગ્ય માર્ગમાં વિઘ્નકર્તા નિવડે છે, અર્થાત્ સમ્યગ્જ્ઞાન અને ક્રિયાનું સેવન કરવામાં અંતરાય કરે છે એવા એ વિષયો પ્રાપ્ત થયે છતે પણ તેમની ક્ષણિકતા—અનિત્યતા, નિ:સારતા, અને અહિતકારિતા સંબંધી સારી રીતે આલોચના કરતા રહેવું કે જેથી તેમાં આસંગ—આસક્તિ થવા ન પામે. મતલબ કે દુ:ખ માત્ર દૂર કરી શાશ્વત સુખરૂપ મોક્ષનીજ ઇચ્છા રાખનારે વિષયસુખમાં અવશ્ય વિરક્તતા—નિ:સ્પૃહતા ધારણ કરવી જોઇએ. અપૂર્ણ.

# સર્વ ઉન્નતિનું મૂળ—આત્મોન્નતિ.

**( લેખક—પાનાચંદ વિ. કરમચંદ શાહ. સ્નેહસદન. ધોરાજી. )**

દરેક કાળમાં, દરેક દેશમાં અને દરેક સ્થળે જેટલા વિચારક પુરૂષો થયેલ છે, જેટલા જેટલા સાધારણ જનસમાજથી ઉચ્ચ પ્રતિના મહાશયો થયેલ છે, તે બધા ઉન્નતિના ખાસ ઇચ્છિક હતા, તેઓ ઉન્નતિને માટેજ પ્રયાસ કરતા, તેઓ દરેક કાર્ય અમુક પ્રકારની ઉન્નતિની ઇચ્છાથી કરતા, ટુંકામાં ઉન્નતિ એ તેઓના જીવનનો ખાસ ઉદ્દેશ હતો. આધુનિક સુધારકોનું, વિચારકોનું, લેખકોનું અને વક્તાઓનું કેન્દ્ર પણ ઉન્નતિજ છે. તેમાં કોઇ એક દિશામાં ઉન્નતિ કરવા પ્રયાસ કરે છે અને કોઇ બીજી દિશામાં પ્રયાસ કરે છે. કોઇ સાંસારિક ઉન્નતિના ઇચ્છક છે—સંસાર સુધારો જલદી થાય, સ્ત્રીઓ કેળવાય, પુરૂષો ખરા ગૃહસ્થાશ્રમનો આનંદ મ્હાલે અને ભાવી પ્રજા—નાનાં બાળકો ઉચ્ચતમ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કેળવણી પામે, એવું ઇચ્છે છે. કેટલાએક વેપાર ઉદ્યોગની ઉન્નતિ ઇચ્છે છે–વેપાર કેમ વૃદ્ધિંગત થાય, વેપારીઓ અથાગ ધન પ્રાપ્તિ કરવાને કેમ ભાગ્યશાળી થાય, દેશમાં નવાં નવાં કારખાનાંઓ થઇ દેશનો ઉદ્યોગ કેમ વધે, દેશનો ગરીબ ગણાતો વર્ગ ગરીબાઇ પીટાડી સુખ કેમ અનુભવે અને દેશનો નાણાં સંબંધી અભ્યુદય કેમ થાય તે તેઓની ખાસ ઇચ્છા હોય છે. કેટલાએક રાજ્યદ્વારી ઉન્નતિની રાહ જોઇને બેઠા હોય છે–રાજ્યતંત્ર ચલાવનારા પ્રજાવર્ગના હિત તરફ હમેશાં વિશેષ લક્ષ્ય કેમ આપે, અન્ય પ્રજાઓના ઉપદ્રવથી પોતાની પ્રજાના હકોનું રક્ષણ કરવા કેમ વિશેષ કાળજીપૂર્વક પ્રયાસ કરે અને પ્રજા હમેશાં સ્વતંત્ર, હિમ્મતવાન્, કળા કુશળ અને સુખી થાય તેવા દરેક ઉપાયો યોજવાને પ્રયાસ કયારે કરે, એ તેઓનો ઉચ્ચતર ઉદ્દેશ હોય છે. આ પ્રમાણે દરેક વિચારકના ઉદ્દેશો જુદા જુદા હોય છે, તેઓ બધા ઉન્નત જીવન કરવાને હમેશાં પ્રયાસ કરે છે તો પણ તે બધી ઉન્નતિ–ઐહિક ઉન્નતિ છે એવો વિચાર તો સાધુ સન્યાસીઓજ કરે છે, તે વિચાર તો જેમની મગજશકિત શાંતરસની ઇચ્છક થયેલ હોય છે તેમનેજ આવે છે, અને તે વિચાર ધમાધમી અને મારપછાડથી કંટાળેલા–પછી ભલે તે યુવાન, વૃદ્ધ યા ગમે તે સ્થિતિના હોય–તેને આવે છે. તેજ વિચાર મનુષ્ય જીવનનું ઉચ્ચ રહસ્ય બતાવે છે, તેજ વિચાર મનુષ્યજીવનમાં અમૃતરસ રેડે છે અને તેજ વિચાર અંતિમ શાંતિ બક્ષે છે. તે વિચાર એ કઈ ઉન્નતિ વિષેનો હશે તે હવે આપણે વિચારીએ.

જે વિચારને આટલું બધું મહત્વ આપવામાં આવ્યું છે તે વિચાર પારમાર્થિક ઉન્નતિ સંબંધી છે, પારમાર્થિક ઉન્નતિનો અર્થ સાધારણ રીતે સ્વર્ગને માટે પ્રયાસ એવો થાય છે, પણ આ અર્થ કાંઇક ભુલભરેલો હોય તેમ લાગે છે. સ્વર્ગ મેળવવાનો પ્રયાસ કરવો એ લગભગ ઐહિક સુખોની કંખના કરવા જેવુંજ છે, સ્વર્ગમાં કોઈ પ્રકારનું સુખ હોય તો તે માત્ર ઇન્દ્રિયજન્ય સુખજ છે, તે સુખ ઇન્દ્રિયોના વિષય સંબંધી છે, તેથી પારમાર્થિક ઉન્નતિને સ્વર્ગીય સુખ મેળવવા માટેનો પ્રયાસ કહેતાં અચકાવું પડશે.

પારમાર્થિક=પરમ=મહાન્+અર્થિક=લાભ સંબંધી=મહાન્ લાભ સંબંધી ઉન્નતિ. આ મહાન્ લાભ એ પૈસા સંબંધી નહિ, પુત્ર સંબંધી નહિ પણ આત્માની ઉચ્ચ શકિત પ્રગટાવવારૂપ, કામ, ક્રોધ, લોભ, મોહ, મત્સર આદિ મનુષ્યજીવનને ખારૂં ઝેર કરી નાંખનાર શત્રુઓથી મુકત થવા રૂપ અને ક્ષમા, શાંતિ, ધૈર્ય, આત્મસ્વાતંત્ર્ય આદિ દૈવી સંપત્તિ અનુભવવારૂપ છે. એવા લાભનેજ પરમ લાભ કહી શકાય. લક્ષાધિપતિ યા તો કોટ્યાધિપતિ સુખે રહી શકતો નથી, આખો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દિવસ–આખી રાત્રી ચિંતામય સ્થિતિમાં પસાર કરે છે, ત્યારે ઉકત દૈવી સંપત્તિવાળો મનુષ્ય હમેશાં આનંદમાં રહે છે, એને શોક, દુઃખ વિગેરે કાંઇજ હોતું નથી. મહાન્ રાજ્યનો ભોકતા જ્યારે મરણ સમયે ઉચ્છ્વાસ નિઃશ્વાસ લીધા કરે છે, અતિ વ્યથા અનુભવે છે ત્યારે દૈવી સંપત્તિવાળો–સમસ્ત જગત પોતાનું સમજનાર મહાનુભાવ મરણનું સુખે સ્વાગત કરે છે. તેને મરણ અને જીવન સરખાંજ હોય છે, તે જીવતાંજ મરણ ( બાહ્ય પરિગ્રહ આદિ ક્ષુદ્ર ભાવોનું ) અનુભવે છે. તે ખાતરીથી માને છે કે મરણબાદ બીજો દેહ અવશ્ય મળવાનો છે અને કદાચ ન મળે તો તે પોતાને આ સંસાર પરિભ્રમણમાંથી મુકિતરૂપી જે રત્ન હાથ કરવાનું હતું તે સ્હેજે થઈ જાય એમ માની તેને મરણ એ શોકનો નહિ પણ અતિ આનંદનો વિષય લાગે છે. એક મહાન્ રાજ્યદ્ધારી પુરૂષ દુઃખ દર્દથી પીલાતો હોય ત્યારે જે આકુળવ્યાકુળતા તેને થાય છે તેની સહસ્રાંશ પણ ઉકત મહાનુભાવને થતી નથી. દુઃખ અને દર્દ પ્રસંગે તેને સંસારની અનિત્યતા, આત્માની નિત્યતા વિગેરે ઉત્તમ વિષયોના ઉત્તમ વિચારો સ્ફુરાયમાન થાય છે. અન્ય કોઇપિણ પ્રકારની ઉન્નતિના ઇચ્છક કેટલીએકવાર વસ્તુનો વસ્તુગતે વિચાર કરી શકતા નથી, કોઇના બોલવાથી યા તો કોઇની નિંદા સ્તુતિથી ચળ વિચળ થઈ જાય છે, ઘણી વખતે ક્રોધે ભરાય છે, ઘણી વખતે ચિંતાથી શરીર અને મગજ બન્નેનો ક્ષય કરે છે, ઘણી વખતે મોહ અને મત્સર તેને પીડે છે, ઘણી વખત અનિવાર્ય લોભના તે ભોગ થઇ પડે છે; ત્યારે પારમાર્થિક ઉન્નતિના ઇચ્છક મહાશયને તેમાનું કાંઇપણ અસર કરી શકતું નથી, તે બધાં તેનાથી દૂરજ ઉભા રહે છે, તે તિમિર ઉકત મહાપુરૂષના હૃદય પ્રકાશથી પલાયન કરી જાય છે. આ પ્રકારની ઉન્નતિ તે આત્મોન્નતિ છે, તે આત્માના સ્વાભાવિક ગુણોની ખીલવણી છે, તે વાસ્તવિક વિચારનું પરિણામ છે, તેને માટેજ સઘળા પ્રયાસો છે અને તેની પાસે બીજી બધી ઐહિક—સાંસારિક ઉન્નતિ ગૌણ છે. આ પ્રયાસથી–આત્મોન્નતિ કરવાના અતિ પ્રશસ્ત પ્રયાસથી ઐહિક સુખો તો સહેજે આવી મળે છે, નિંદાને તો કયાંય સ્થાનજ મળતું નથી, સર્વત્ર વિશ્વાસની નજરથીજ આ ઉન્નતિસાધક તરફ જોવાય છે, અને તે સર્વત્ર માનને પાત્ર થાય છે. ભારતવર્ષમાં પ્રાચીન કાળથીજ ઋષિ મુનિઓ, સાધુ સંન્યાસીઓ, બ્રાહ્મણો અને ઉર્ધ્વ માર્ગ ગામીઓ પૂજાય છે તેનું આજ કારણ છે. તેઓ આત્મોન્નતિ સાધવા માટે કટીબદ્ધ થયેલ હોઇનેજ અતિ માન પામેલ હતા.

જો આ આત્મોન્નતિજ ખરો ધર્મ મનાતો હોય, તો ધર્મને નામે જે મહાન યુદ્ધો થયાં છે તે ન થવા પામત, આજે પણ ધર્મને નામે જે શોકપ્રદ બનાવો ઘણે ઠેકાણે બનતા જોવામાં આવે છે તે ન બને, સર્વત્ર શાંતિ પ્રસરી રહે અને મ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હાત્માઓનો ઉપદેશ યથાર્થ રીત્યા સર્વત્ર પ્રસરી રહે, તેમના જીવનના ગુપ્ત તત્ત્વોને અનુસરાય અને તેમને પગલે ચાલી, તેમની ઉન્મુખ થતાં વિરમી, તેમની સન્મુખ થવાય. પરંતુ અફસોસ ! અધ્યવસાયની મંદતાવાળા–ખરી સમજણ વગરના બાળ જીવો જે જે ખોટાં તોફાનો કરે છે તે ધર્મને નામે કરે છે એજ અતિ શોકની વાર્તા છે. તેમને ખરૂં સત્ય સમજાય અને તેઓ ખરે માર્ગે આત્મોન્નતિ કરવા પ્રયત્ન કરે તેજ ઇચ્છવા યોગ્ય છે.

# योग्यायोग्य शिष्यपरीक्षा.

( અનુસંધાન પૃષ્ટ ૧૨૨ થી )

## ભેરી દૃષ્ટાંત. ( ૧૩ )

આ ભરતક્ષેત્રમાં ઈંદ્રની આજ્ઞાએ કરીને વૈશ્રમણ યક્ષે સુવર્ણના પ્રાકાર વિગેરે વડે સુશોભિત એવી દ્વારિકા નગરી કૃષ્ણને માટે બનાવી. તેમાં ત્રણ ખંડ ભરતાર્ધના સ્વામી વાસુદેવ ( કૃષ્ણ ) રાજ્ય કરતા હતા. તેવામાં એકદા તે નગરીમાં રોગનો મહા ઉપદ્રવ થયો.

તે અવસરે બત્રીશ લાખ વિમાનોએ કરીને વ્યાપ્ત એવા સૌધર્મ દેવલોકને વિષે સુધર્મા નામની સભામાં ચોતરફ દેવોથી સેવાતા શક્ર નામના ઈંદ્ર બેઠા હતા. તેમની પાસે પુરૂષના ગુણોનો વિચાર ચાલતો હોવાથી મનુષ્યલોકમાં રહેલા વાસુદેવને તે સંબંધમાં શ્રેષ્ઠ, અવધિજ્ઞાનવડે જાણીને શક્રેન્દ્ર તેમની પ્રશંસા કરવા લાગ્યા કે—" અહો ! આ કૃષ્ણવાસુદેવ કેવા મહાનુભાવ છે કે જે ઘણા દોષવાળી વસ્તુમાંથી પણ ગુણનેજ ગ્રહણ કરે છે, દોષના એક લેશને પણ ગ્રહણ કરતા નથી. તેમજ તેઓ હલકા યુદ્ધથી કોઇ સાથે યુદ્ધ પણ કરતા નથી." આ પ્રમાણેની ઇંદ્રે કરેલી વાસુદેવની પ્રશંસા સહન ન થવાથી કોઇક દેવ તેની પરીક્ષા કરવા માટે દ્વારિકામાં આવ્યો અને ભગવાન્ નેમિનાથને નમસ્કાર કરવા માટે પ્રાત:કાળે જે રસ્તેથી વાસુદેવ નીકળવાના હતા તે માર્ગમાં કોઇક ઠેકાણે સમગ્ર લોકોને અત્યંત ત્રાસ ઉપજાવનાર મહા દુર્ગંધે કરીને વ્યાપ્ત એવું એક કૂતરાનું સ્વરૂપ વિકુર્વ્યું. તેનો વર્ણ અત્યંત શ્યામ હતો, તેનું મુખ ઉઘાડું હોવાથી શ્વેત દાંતની શ્રેણી બહાર દેખાતી હતી, તથા તે પ્રાણરહિત હોય એવો દેખાતો હતો. કૃષ્ણવાસુદેવ ઉજ્જયંત ગિરિપર સમવસરેલા ભગવાન્ શ્રી અરિષ્ટનેમિને નમસ્કાર કરવા માટે તેજ માર્ગે નીકળ્યા. તેની આગળ ચાલતો સમગ્ર પદાતિવર્ગ તે શ્વાનના દુર્ગંધથી અત્યંત ત્રાસ પામ્યો, તેથી વસ્ત્રના છેડાવડે મુખને ઢાંકીને શીઘ્રતાથી આમ તેમ આડે માર્ગે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જવા લાગ્યો. ત્યારે વાસુદેવે પૂછયું કે-" આ આગળ ચાલનારા સર્વે સૈનિકો મુખ આડાં વસ્ત્ર ઢાંકીને કેમ ચાલે છે અને ત્રાસ પામેલા કેમ દેખાય છે ? " તે વખતે કોઇ સેવકે તે વૃત્તાંત જાણીને વાસુદેવને વિજ્ઞપ્તિ કરી કે-" હે દેવ ! આગળ મહા દુર્ગંધવાળો એક કુતરો મૃત્યુ પામેલો પડેલો છે, તેનો દુર્ગંધ સહન ન થવાથી સર્વે ત્રાસ પામ્યા છે." તે સાંભળીને વાસુદેવ મહા ઉત્તમ પુરૂષ હોવાથી તેના દુર્ગંધથી ત્રાસ પામ્યા વિનાજ તે રસ્તે જવા લાગ્યા. પેલા મૃત શ્વાનને તેમણે જોયો. તેનું સમગ્ર રૂપ નિહાળીને જોતાં તેની પ્રશંસા કર્યા વિના તેમનાથી રહેવાયું નહીં, તેથી તેઓ આ પ્રમાણે તેની પ્રશંસા કરવા લાગ્યા—" અહો ! આના શ્યામ શરીરમાં રહેલી આ શ્વેત દાંતની શ્રેણી જાણે જાત્ય મરકતમણિ ( નીલમણિના ) ના પાત્રમાં નાંખેલી મુક્તામણિની શ્રેણીજ હોય એવી શોભે છે. " આ પ્રકારે તેમની કરેલી પ્રશંસા સાંભળીને વિસ્મયસહિત તે દેવ વિચાર કરવા લાગ્યો કે—" અહો ! શક્ર ઇંદ્રે વાસુદેવની જે પ્રશંસા કરી તે સત્ય જણાય છે." પછી વાસુદેવ દૂર ગયા એટલે તેણે તે કૂતરાનું રૂપ સંહરી લીધું. પછી જ્યારે વાસુદેવ પાછા વળીને ઘેર આવ્યા ત્યારે યુદ્ધની પરીક્ષા કરવા માટે અશ્વશાળામાં રહેલા એક અશ્વરત્નનું સમગ્ર લોકની સમક્ષ તે દેવે હરણ કર્યું. તે જોઇને ખડ્ગ, કુંત વિગેરે આયુધો લઇને અશ્વના અંગરક્ષકો વિગેરે સર્વ પદાતિવર્ગ તેની પાછળ દોડ્યો, અને ચોતરફ મહા કોળાહળ પ્રસર્યો, તે વૃત્તાંત વાસુદેવે પણ જાણ્યો, ત્યારે તેના સર્વે કુમારો કોપ-સહિત સર્વ દિશાઓમાં દોડ્યા, અને પોતપોતાની જેટલી શકિત હતી તે પ્રમાણે પ્રહારો કરવા લાગ્યા. પરંતુ દિવ્ય શકિતથી તે સર્વને ક્રીડામાત્રથીજ જીતીને તે દેવ ધીમે ધીમે આગળ ચાલ્યો. ત્યારપછી વાસુદેવ પોતે આવ્યા. તેણે અશ્વના હરનારને પૂછયું કે—" હે ભદ્ર ! તું મારા અશ્વરત્નનું કેમ હરણ કરે છે ? " તેણે જવાબ આપ્યો કે—" હું આ અશ્વને હરી જવાને શકિતમાન છું; છતાં જો તમારી કાંઇ પણ શક્તિ હોય તો મને યુદ્ધવડે જીતીને આ અશ્વ લઇ લો. " તે સાંભળીને તેના પરાક્રમથી મનમાં આનંદ પામેલા વાસુદેવે હર્ષસહિત કહ્યું કે—" હે મહા-પુરૂષ ! જે યુદ્ધવડે તું કહે તે યુદ્ધવડે હું યુદ્ધ કરૂં." એમ કહીને વાસુદેવે નામ-પૂર્વક સર્વ યુદ્ધો ગણાવ્યાં, તે સર્વેનો દેવે નિષેધ કર્યો, ત્યારે ફરીથી વાસુદેવે કહ્યું કે—" ત્યારે તુંજ કહે કે હું કયા યુદ્ધવડે યુદ્ધ કરૂં ? " ત્યારે દેવ બોલ્યો કે— " પુત નામના યુદ્ધવડે યુદ્ધ કરો. " તે સાંભળીને બે કાને હાથ દઇને જાણે હૃદયમાં શલ્ય પેઠું હોય તેમ " હા ! " એવા ખેદજનક શબ્દના ઉચ્ચાર પૂર્વક વાસુદેવે તેને કહ્યું કે—" આ અશ્વરત્નને લઇને તું જતો રહે, જતો રહે, હું નીચ યુદ્ધવડે કદી યુદ્ધ નહીં કરૂં. " તે સાંભળીને હર્ષના વશથી વિકાસ પામેલા રોમાંચના સમૂ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હથી શોભિત એવા શરીરને ધારણ કરતો તે દેવ વિસ્મયસહિત પોતાના મનમાં વિચાર કરવા લાગ્યો કે—" અહો ! આ કૃષ્ણવાસુદેવની કેવી મહત્તા છે ? આથી કરીનેજ નમસ્કાર કરતા લાખો દેવોના મુકુટના અગ્રભાગવડે ઘસાવાથી જેનું પાદપીઠ ઉત્તેજિત થયું છે એવા ઇંદ્રને પણ એઓ પ્રશંસા કરવા લાયક થયા છે." એમ વિચારીને તે દેવ આનંદસહિત વાસુદેવની સન્મુખ જોતો જોતો દેવપણે પ્રકટ થઇને બોલ્યો કે—" હે વાસુદેવ ! હું અશ્વનો હરણ કરનાર નથી, પરંતુ તમારા ગુણની પરીક્ષા કરવા માટે મેં આ પ્રમાણે કર્યું છે." એમ કહીને ઇંદ્રે કરેલી પ્રશંસાદિક સર્વ વૃત્તાંત તેણે વાસુદેવને કહ્યો. પોતાની પ્રશંસા સાંભળીને જેની ડોક કાંઇક નમી ગઇ છે એવા વાસુદેવ લજ્જા પામ્યા; અને હાથ જોડીને તેણે તે દેવને પોતાને સ્થાને જવાની રજા આપી. દેવ પણ સમગ્ર જગતમાં અસાધારણ એવા વાસુદેવના ગુણને જોઇને મનમાં અત્યંત હર્ષ પામી બોલ્યો કે—" હે મહાપુરૂષ ! મનુષ્યોને દેવનું દર્શન નિષ્ફળ હોતું નથી એવો પ્રવાદ જગતમાં પ્રસિદ્ધ છે, તેથી તે નિષ્ફળ ન થાઓ, એટલા માટે તમે કાંઈ પણ મનોવાંચ્છિત મારી પાસે માગો, કે જેથી તે પ્રમાણે હું તમારૂં અભીષ્ટ કરૂં." ત્યારે કૃષ્ણ બોલ્યા કે—" હાલ દ્વારિકામાં વ્યાધિનો ઉપદ્રવ ચાલે છે, તેનો પ્રતીકાર કરો કે જેથી ફરીથી એવો ઉપદ્રવ ન થાય." તે સાંભળીને દેવે ઉપદ્રવને શાંત કરનારી ગોશીર્ષચંદનની એક ભેરી આપીને તેનો વિધિ આ પ્રમાણે કહ્યો કે—" છ છ માસને અંતે તમારી સભામાં આ ભેરી વગાડવી, તેથી જળથી ભરેલા મેઘના ધ્વનિની જેવો આનો ગંભીર શબ્દ ચોતરફ બાર બાર યોજન સુધી વ્યાપી જશે. તે શબ્દને જે મનુષ્ય સાંભળશે, તેનો પૂર્વે થયેલો વ્યાધિ અવસ્ય દૂર થશે, અને ફરીથી છ માસ સુધી બીજો નવો વ્યાધિ ઉત્પન્ન થશે નહીં."

વાસુદેવે નિરંતર ભેરી વગાડનાર અધિકારીને તે ભેરી સોંપીને શિક્ષા આપી કે—" છ છ માસને અંતે આ ભેરી મારી સભામાં તારે યત્ન પૂર્વક વગાડીને સર્વને સંભળાવવી." એમ કહીને વાસુદેવ પોતાના પરિવાર સામંત અને સૈન્ય સહિત પોતાના મહેલમાં આવ્યા, તે વખતે પ્રતિહારે સર્વ લોકને પોતપોતાને સ્થાને જવાની રજા આપી. પછી બીજે દિવસે મુકુટબદ્ધ હજારો રાજાઓથી સેવાતા કૃષ્ણ હજારો દેવોથી પરવરેલા ઇંદ્રની જેમ પોતાના સભામંડપમાં ઉત્તમ સિંહાસનપર બેઠા, અને તે ભેરી વગડાવી તેના શબ્દના શ્રવણમાત્રથીજ સૂર્યના કિરણોથી હણાયલા અંધકારની જેમ દ્વારિકાપુરીમાંથી સમગ્ર વ્યાધિનો સમૂહ નાશ પામ્યો. તેથી હર્ષ પામેલો સર્વ પ્રજા વર્ગ " આ વાસુદેવ નિરંતર અમારા સ્વામી હો " એમ ઇચ્છવા લાગ્યો. આ પ્રમાણે કેટલોક કાળ વ્યાધિ રહિત વ્યતિત થયો. અન્યદા દૂર દેશમાં રહેનાર કોઇ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ધનવાન્ મોટા રોગથી પીડા પામતો હતો, તે ભેરીના શબ્દનું માહાત્મ્ય સાંભળીને દ્વારિકા તરફ ચાલ્યો, તે દૈવયોગે ભેરી વગાડ્યા પછી બીજે દિવસે દ્વારિકામાં આવી પહોંચ્યો. તે વખતે તેણે વિચાર્યું કે—"હવે મારી શી દશા થશે? કારણ કે હવે તો ફરીને છ માસે ભેરી વાગશે, અને છ માસમાં તો આ વૃદ્ધિ પામતો વ્યાધિ અવશ્ય મારા પ્રાણોનો કવળ કરી જશે, તો હવે હું શું કરૂં?" આ પ્રમાણે કેટલાક દિવસસુધી ચિંતારૂપી શોકસાગરમાં ડુબેલો તે ધનવાન્ કોઇક પ્રકારે બુદ્ધિરૂપી પ્રવાહને પામીને તરવા લાગ્યો. એટલે તે વિચાર કરવા લાગ્યો કે—"જો તે ભેરીનો નાદ સાંભળવાથીજ રોગનો નાશ થાય છે, તો તેનો એક કકડો ઘસીને પીવાથી અવશ્ય રોગ જાયજ. તેથી મારી પાસે ઘણું ધન છે, એટલે ધનવડે તે ભેરી વગાડનારને લોભ પમાડું, કે જેથી તે મને તેનો એક કકડો આપે." એમ વિચારીને તેણે તે ભેરી વગાડનારને ધનવડે લોભ પમાડ્યો. કારણ કે "નીચ પ્રાણીઓ દુષ્ટ સ્ત્રીઓની જેમ નિરંતર દ્રવ્યાદિકથી સન્માન કર્યા છતાં પણ પોતાના સ્વામીથી વિપરીત થઇ જાય છે." પેલા ભેરી વગાડનારે તેને એક કકડો કાપી આપ્યો, અને તેને ઠેકાણે તેમાં બીજો કકડો સાંધી દીધો. એ પ્રમાણે બીજા બીજા દેશોમાંથી આવેલા રોગી જનોને ધનના લોભથી કકડો કકડો કાપીને આપવાથી તેણે આખી ભેરી કંથાની જેમ ટુકડા ટુકડાના સાંધાવાળી કરી નાંખી, એટલે તેનો દિવ્ય પ્રભાવ નાશ પામ્યો. અહીં પૂર્વની જેમ વ્યાધિનો ઉપદ્રવ ફરીથી ઉત્પન્ન થયો, અને વ્યાધિ પ્રગટ થયા સંબંધી લોકોનો બૂમાટ પણ પ્રવર્ત્યો. મહાજનોએ આવીને વાસુદેવને વિનંતિ કરી કે—"હે સ્વામી! વર્ષાઋતુમાં કૃષ્ણપક્ષની રાત્રિએ અંધકારની જેમ આપણી દ્વારિકાપુરીમાં ફરીથી પાછો વ્યાધિનો ઉપદ્રવ પ્રવર્ત્યો છે." તે સાંભળીને વાસુદેવે બીજે દિવસે પ્રાતઃકાળે સભામંડપમાં સિંહાસન પર બેસીને ભેરી વગાડવા નીમેલા પુરૂષને બોલાવ્યો. અને તેને ભેરી વગાડવાનો હુકમ આપ્યો. ત્યારે તેણે ભેરી વગાડી. પરંતુ દિવ્ય પ્રભાવ રહિત થયેલી ભેરીનો શબ્દ સભામંડપમાં પણ પૂરો પ્રસર્યો નહીં તે જોઇને આશ્ચર્ય પામેલા વાસુદેવે વિચાર્યું કે—"આ ભેરી સભામંડપને પણ ભાંકાર શબ્દે કરીને કેમ પૂર્ણ કરી શકતી નથી?" પછી તેણે પોતે તે ભેરીને બરાબર જોઈ, એટલે મહા દરિદ્ર માણસની કંથાની જેવી નાના નાના હજારો કકડાઓથી સાંધેલી તે માલમ પડી. તે જોઇને કોપસહિત ભેરી સંભાળનારને કહ્યું કે—"હે દુષ્ટ! અધમ! આ તેં શું કર્યું?" તે સાંભળીને પ્રાણના ભયને લીધે સમગ્ર વૃત્તાંત સત્ય રીતે રીતે તેણે કહી દીધો. તે સાંભળીને તેણે મહા અનર્થ કરેલો હોવાથી તેનો તત્કાળ વિનાશ કરવાની વાસુદેવે આજ્ઞા કરી. પછી ફરીથી વાસુદેવે લોકોના ઉપકારને માટે પૌષધશાળામાં જઇને અઠ્ઠમ કરી તે દેવની આરાધના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરી, એટલે તે દેવ પ્રત્યક્ષ થયો. તેને વાસુદેવે આરાધવાનું કારણ કહ્યું. ત્યારે તેણે ફરીથી બીજી ઉપદ્રવને શમન કરનારી ભેરી આપી. તે ભેરી કૃષ્ણે ખરેખરા આપ્ત જનને એટલે પોતાના વિશ્વાસુ માણસને સોંપી.

આ ભેરીનાં દૃષ્ટાંતનો ઉપનય આ પ્રમાણે છે.–અહીં ભેરીને ઠેકાણે પ્રવચનમાં રહેલા સૂત્ર અને તેના અર્થ સમજવા. જેમ ભેરીના શબ્દના શ્રવણથી રોગોનો નાશ કહ્યો, તેમ સિદ્ધાન્તનું ભાવપૂર્વક શ્રવણ કરવાથી પ્રાણીઓના પૂર્વ કર્મોનો નાશ થાય છે, અને નવા બંધાતા નથી; પરંતુ જે શિષ્યાદિક સૂત્ર તથા તેના અર્થને વચમાંથી વીસરી જઇને બીજા સૂત્ર કે અર્થને અન્યથા જોડી દે છે તે તેને કંથા સમાન કરે છે, તેવા શિષ્યને ભેરી વગાડવા નીમેલા પહેલા પુરૂષની જેવો જાણવો. એવો શિષ્ય એકાંતે અયોગ્ય છે. અને જે શિષ્ય આચાર્યે કહેલા સૂત્ર તથા અર્થને બરાબર યથાર્થ રીતે ધારી રાખે છે, તે ભેરી વગાડવામાં પછીથી નીમેલા આપ્ત પુરૂષની જેમ મોક્ષની સંપદાને યોગ્ય થાય છે. **અપૂર્ણ.**

## " अहिंसा परमो धर्मः "—सत्य के घेलछा ?

( મોડર્ન રિવ્યુમાંના લાલા લજપતરાયના એક ઇંગ્રેજી લેખનું ભાષાંતર. )

સત્ય કરતાં ઉચ્ચ ધર્મ નથી, અને " અહિંસા પરમો ધર્મ: " કરતાં વર્તનદર્શક એકે ઉત્તમ માર્ગ નથી. યથાર્થ સમજાય અને જીવનવ્યવહારમાં યથાર્થ ઓતપ્રોત કરવામાં આવે તો એ સૂત્ર મનુષ્યને માહાત્મ્ય અને વીરતા બક્ષે છે. અયોગ્ય ભ્રમથી જીવનમાં તેનો અયથાર્થ ઉપયોગ થાય તો મનુષ્ય બીકણ, બાયલા, અધમ અને મૂર્ખ બની જાય છે. એક કાળે ભારતવાસીઓ તે સૂત્ર યથાર્થ સમજતા હતા, અને તેનો આચરણમાં યથાર્થ ઉપયોગ પણ કરી જાણતા હતા; ત્યારે તેઓ સત્ય, ઔદાર્ય અને વીરતાના ગુણોવડે અલંકૃત હતા. એક સમય એવો આવ્યો કે જ્યારે કેટલાક સદ્દગુણી મનુષ્યોએ સંપૂર્ણ ઉચ્ચાશયથી અને સાધુતાથી તેનું સ્વરૂપ ઘેલછામાં ફેરવી નાંખ્યું. તેને સર્વ સદ્દગુણથી ઉચ્ચ સ્થાન આપ્યું, એટલુંજ નહિ પરંતુ સદાચરણી જીવનની કસોટીનું અપૂર્વ શસ્ત્ર બનાવ્યું. તેમણે પોતાનાજ જીવનમાં તેને અતિશય મહત્વ આપ્યું, એટલુંજ નહિ પણ અન્ય સર્વ ગુણને ભોગે ઉચ્ચતમ પ્રજાકીય સદ્દગુણનું સ્વરૂપ આપી દીધું. અન્ય સર્વ ગુણો જે મનુષ્યને અને પ્રજાને ઉચ્ચ પ્રતિભાશાળી બનાવે છે તેને પાછળ મૂકી દીધા, અને તેમના મતઅનુસાર આ ભલાઇની એકજ કસોટીથી તે સર્વ ગુણને ગૌણપદ આપ્યું. તેથી ધૈર્ય, શૌર્ય, વીરત્વ વિગેરે સર્વ સદ્દગુણો ધીમે ધીમે ઘસાઇ ગયા; પ્રતિષ્ઠા અને સ્વમાન વિલુપ્ત

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



થઈ ગયાં. સ્વદેશાભિમાન, સ્વદેશ પ્રીતિ, કુટુંબ પ્રતિ અનુરાગ, જાતિ ગૌરવ એ સર્વનો ઝળહળતો દીપ હોલાઇ ગયો. અહિંસાના આ વિપરીત આચરણરૂપ દુરૂપયોગને લીધે, અથવા સર્વ ઉચ્ચ તત્ત્વોને ભોગે તેને અમર્યાદિત મહત્વ આપવાથીજ હિંદુઓનો સામાજિક, રાજકીય તેમજ નૈતિક અધ:પાત થયો. મરદાનગીમાં અહિંસા કરતાં કોઈ પણ રીતે તાત્વિક ઉણપ નથી એ વાત તેઓ તદ્દન વિસરી ગયા. તત્ત્વત: એ સદ્ગુણને જો યોગ્ય રીતે વ્યવહારમાં મૂકાય, તો તે અહિંસાથી અલ્પાંશે પણ અસંગત નથી. વ્યક્તિહિત કે રાષ્ટ્રીય કલ્યાણ માટે બળીયાથી નિર્બળનું રક્ષણ કરવાની, અન્યાયભર્યું આક્રમણ કરનાર અને રાજ્યાપહારી, ચોરટા અને લફંગા, કામાંધ, નરાધમ અને સ્ત્રીના સતિત્વને ભ્રષ્ટ કરનાર દુરાચારી, ખુની અને શઠને અન્યાયાચરણ કરતા અને ઉપદ્રવ આપતા અટકાવવાની અનિવાર્ય અગત્ય તરફ તેઓએ દુર્લક્ષ રાખ્યું. નિર્દોષને પીડા કરતા, વિશુદ્ધને ભ્રષ્ટ કરતા અને અન્યના વ્યાજબી હક ઉપર તરાપ મારતા દુષ્ટ સ્વભાવવાળા મનુષ્યોનાં હૃદયને, ન્યાયપુર:સર ક્રોધ અને તેને અંગે નિપજતાં પરિણામ તેમ કરતાં અટકાવે એમ માનવભાવના સ્વીકારે છે, એ વાત તેઓ વિસરી ગયા. જે મનુષ્ય અધર્મ અથવા કેર અને જુલમની જબરજસ્તીથી જમાવેલી સત્તાને સહન કરી, ચાલે તેમ ચાલવા દેવાની રીતિ રાખે છે, તે એક રીતે તેને અનુમોદન આપી ઉત્તેજે છે અને તેથી દુરાચારીના અભ્યુદય અને પ્રાબલ્યની વૃદ્ધિ માટે કેટલેક અંશે તે જવાબદાર છે, એ સત્યમાં રહેલા આવશ્યક અને મહાન્ રહસ્યને તેઓ પ્રત્યક્ષ કરી શકયા નહિ.

અહિંસાનો નિર્મર્યાદિત અને અયોગ્ય વ્યવહાર કોહાણ રૂપે પલટી જઇ સુવ્યવસ્થાના સુંદર દેહમાં વિષરૂપે પ્રસરે છે, શક્તિને નિર્વીર્ય કરી મૂકે છે, અને પુરૂષો અને સ્ત્રીઓને ચસકેલ મગજનાં, ચિત્તભ્રમિત અને નિસ્તેજ બનાવી, મહત્વાકાંક્ષા અને ઉચ્ચ સદ્ગુણોની પ્રાપ્તિ પાછળ અપ્રતિહત ખંતથી મંડ્યા રહેવામાં જોઇતા સામર્થ્ય વિનાના અને નમાલા કરી મૂકે છે. તેનાથી મનુષ્યહૃદય એકલતીલું અને ભીરૂ બની જાય છે. જૈન ધર્મના સંસ્થાપકો આત્મસંયમન અને દેહદમનમાં જીવનને વ્યતિત કરનાર મહાત્માઓ હતા. તેમના અનુયાયી જૈનસાધુઓ વિકારોનો નાશ કરવામાં અને ઇંદ્રિય વિષયક તેમજ માનસિક વાસનાઓ ઉપર અંકુશ રાખવામાં મહાન્ સંભવિત વિજય પ્રાપ્ત કરનારા મહાપુરૂષોની કોટિમાં આવે છે. ટોલ્સ્ટોયનો અહિંસા સિદ્ધાંત તો થોડાંક વર્ષ પહેલાંજ જન્મ પામ્યો છે અને જૈન અહિંસાને તો ભારત વર્ષ ત્રણ હજાર વર્ષથી જાણતો આવ્યો છે; તેમજ વ્યવહારમાં મૂકતો આવ્યો છે. પૃથ્વીતલપર એકે એવો દેશ નથી કે જેને ભારતવર્ષની માફક આવા અનેક અહિંસાવાદીઓ શોભાવી રહ્યા હોય. તેમજ પૃથ્વી-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તળપર એવો પણ એકે દેશ નથી કે જે હાલના અથવા છેલાં પંદર શતકના ભારત વર્ષની માફક તદ્દન કચડાઈ ગયેલો અને પૌરૂષત્વના એકે એક અંશ ગુમાવી બેઠેલો હોય. કેટલાક લોકો કહેશે કે ભારત વર્ષની આ સ્થિતિ અહિંસાવાદનું પરિણામ નથી, પણ બીજા સદ્ગુણોને તિલાંજલિ આપવાનું પરિણામ છે. પણ હું તો આગ્રહ પૂર્વક માનું છું કે ગૌરવ, મનુષ્યત્વ અને સદ્ગુણના માર્ગને વિસારે પાડી અધઃપતન આણનાર જે જે કારણો છે, તેમાંનું એક અહિંસાવાદના ઉચ્ચ સત્યની વિકૃતિ પણ છે. અત્યંત ખેદ તો એથીજ થાય છે કે જે લોકો આ સિદ્ધાંતને સંપૂર્ણ શ્રદ્ધાથી વળગી રહે છે, તેઓ પોતાનાજ વર્તનથી બતાવી આપે છે કે આ સત્યનો વિપરીત વ્યવહાર મનુષ્યોને દાંભિક, નિર્માલ્ય અને ક્રૂર જીવનને માર્ગે દોરી જાય છે. મારો જન્મ જૈન કુટુંબમાં થયો હતો. મારા દાદાને અહિંસામાં અત્યંત શ્રદ્ધા હતી. એટલે સુધી કે સર્પને મારવા કરતાં તેનાથી મૃત્યુ પામવાનું તે વધારે પસંદ કરે. તે એક જંતુને પણ ઈજા કરતા નહિ. ધાર્મિક ક્રિયાઓમાં કલાકના કલાક ગાળતા, દેખીતી રીતે તે એક સદ્ગુણી નર હતા. અને કોમમાં માતબર માણસ ગણાતા. સૌને તેમના પ્રતિ માન ઉત્પન્ન થતું. તેમના એક ભાઇ સાધુ થયા હતા અને પોતાના પંથમાં એક પ્રતિષ્ઠાશાળી ગુરૂ હતા. મારા જીવનમાં મેં જોયેલા ઉચ્ચ સાધુઓમાંના એક તે હતા. તેઓ પોતાના સિદ્ધાંતને જીવનભર જાળવી રહ્યા હતા અને દેહદમન તથા વિકારને અંકુશમાં રાખવા સંબંધી નિપુણતા મેળવવામાં સફળ નિવડ્યા હતા. પણ નૈતિક ધોરણના ઉચ્ચ કાનુનોને અનુસરીને જોઇએ તો તેઓનું જીવન શુષ્ક અને અસ્વાભાવિક હતું. હું તેમને ચાહતો અને માન આપતો પણ તેમનો મત સ્વીકારી શકયો નહિ, તેમજ તેમણે પણ મને પોતાનો મત સ્વીકારાવવાની કાળજી કરી નહી. પણ તેના ભાઈ–મારા દાદા, જુદીજ પ્રકૃતિના પુરૂષ હતા. તે અહિંસા ધર્મ-વિકૃત અહિંસાધર્મ–પાળતા, તે મત ગમે તેવા સંયોગોમાં કોઇના પ્રાણ હરવાની મનાઇ કરે છે છતાં તે પોતેજ, પોતાના ધંધાને અનુસરતી વખતે જે જે પ્રપંચ ખેલવા પડતા તે સર્વ પ્રપંચને વ્યાજબી ગણતા એટલુંજ નહિ, પણ સર્વોત્તમ માનતા. પોતાના ધંધાના વ્યવહાર શાસ્ત્રાનુસાર એ સર્વ પ્રપંચ તેમને મન છુટ આપી શકાય તેવા લાગતા હતા. જુ, પક્ષીઓ, અને એવા બીજાં પ્રાણીઓ મૃત્યુના મુખમાં આવી પડતા હોય તો તેને બચાવવામાં હજારો રૂપીઆ ખરચી નાંખે, પણ સગીર કે વિધવા સાથે લેવડ દેવડ કરતાં તેમનો છેલ્લો કોળીઓ પણ ઝુંટાવી લે એવા એ મતને માનનારાં ઘણાં મનુષ્યો મેં જોયાં જાણ્યાં છે. હું કોઇ રીતે એમ કહેવા નથી માગતો કે ભારત વર્ષમાં અન્ય હિંદુ કોમો કરતાં જૈનો વધારે અનીતિમાન છે; અથવા એમ પણ નથી કહેતો કે અહિંસા મનુષ્યને એવી અનીતિ તરફ દોરી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જાય છે. એવા મિથ્યા દોષારોપણનો અણુસારો પણ મારાથી દૂર રહો ! પોતાની રીતભાતમાં જૈનો ઉદાર, અતિથિપૂજક, બુદ્ધિશાળી અને વ્યવહાર કુશળ છે. હિંદુઓમાં એવી બીજી જ્ઞાતિઓ થોડી છે. મારો કહેવાનો ભાવાર્થ એવો છે કે અહિંસાના અમર્યાદિત વ્યવહારે તેઓને અન્ય કોમ કરતાં વધારે ઉચ્ચ નીતિને પંથે ચડાવ્યા નથી, વસ્તુતઃ જોર જુલમ અને લુંટફાટને લીધે જો કોઇ કોમને વધારે ખમવું પડતું હોય તો તે જૈન કોમજ છે. કારણ કે વારસામાં મળેલી ભિરૂતા અને બળના ઉપયોગ તરફના તિરસ્કારને લીધે બીજા કરતાં તેઓ વધારે લાચાર હોય છે, તેઓ આત્મરક્ષણ કરી શકતા નથી; તેમજ પોતાના પ્રિયજનની આબરૂને સાચવી શકતા નથી. વર્તમાન કાળે યૂરોપ, સામર્થ્યના દૈવી હક્ક માગનાર અવતાર છે; ત્યાં ટોલ્સ્ટોયનો અવતાર યૂરોપનાં સદ્દભાગ્યેજ થયો, પરંતુ ભારત વર્ષની સ્થિતિ તદ્દન જુદીજ છે. જુલમાટનાં, આક્રમણનાં, કે લુટફાટનાં કર્તવ્યો માટે બળજોરી કે જબરજસ્તી વાપરવાનો ઉપદેશ આર્ય સંતાનો આપેજ નહિ. મને વિશ્વાસ–શ્રદ્ધા છે કે આર્યભૂમિ એટલી પતિત થશેજ નહિ. પણ આપણું–આપણી આબરૂનું તેમજ આપણી સ્ત્રી, બ્હેન, પુત્રી કે માતાની પ્રતિષ્ઠાનું રક્ષણ કરવા માટે પણ આપણે આપણા સામર્થ્યનો ઉપયોગ કરવો એ પાપભર્યું છે–એવું શિક્ષણ તો આપણને પાલવે તેમ નથી. એવું શિક્ષણ અસ્વાભાવિક અને અનિષ્ટકારક છે. આપણે રાજદ્વારી ખૂનોને ધિક્કારી કાઢીએ; અરે ! એથી પણ ઉદાર થઈ સત્ય ન્યાય ખાતર, ન્યાય પુરઃસર હેતુ પાર પાડવા અન્યાય યુક્ત અને કાયદા વિરૂદ્ધ બળનો ઉપયોગ કરવાની રીતને વખોડી કાઢીએ; પરંતુ જ્યારે એક મહાન્ અને લોકમાન્ય પુરૂષ આપણા યુવાનોને કહે કે 'દુષ્ટ, જોર જુલમ કરનાર મનુષ્યને–સામા થયા વિના–આત્માર્પણ કરીનેજ આપણે આધારે રહેલાં મનુષ્યોની પ્રતિષ્ઠાનું રક્ષણ કરી શકીએ' અને વળી કહે કે 'એ ઉપાયમાં શસ્ત્રના ઘા કરવા કરતાં શારીરિક અને માનસિક ધૈર્ય વધારે રહેલું છે' ત્યારે મુંગા બેસી રહેવું આપણને પરવડે તેમ નથી. ધારો કે કોઇ નરાધમ આપણી પુત્રી ઉપર હુમલો કરે છે, રા. ગાંધી કહે છે કે 'તેમના પોતાના અહિંસા સંબંધી મત અનુસાર આપણી પુત્રીની આબરૂનું રક્ષણ કરવાનો એકજ ઉપાય એ છે કે આપણે તે નરાધમ અને આપણી પુત્રી વચ્ચે ઉભા રહેવું.' પણ જો તે નરાધમ આપણને મારી નાંખે અને પોતાની પિશાચ વૃત્તિને પાર પાડે તો આપણી પુત્રીની કેવી દુર્દશા થાય ? રા. ગાંધીના મત પ્રમાણે બળજોરથી સામા થવા કરતાં, તેટલું ખરાબ કરવા દેવું અને શાંત ઉભા રહેવું એમાં શારીરિક અને માનસિક ધૈર્ય વધારે જોઇએ છીએ. રા. ગાંધી માટે સંપૂર્ણ માન દર્શાવતાં મારે કહેવું જોઇએ કે આનો અર્થ કાંઈજ નથી. રા. ગાંધીના વ્યક્તિત્વ માટે મને ઘણુંજ માન છે. તેઓ હું જે મહાપુરૂષોને પૂજું છું તેમાંના એક છે. હું તેમની સહૃદયતા માટે શંકા કરતોજ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નથી. તેમની શુભ ધારણાઓ માટે સંશયજ નથી. પણ તેમણે જે અનિષ્ટકારક સિદ્ધાંત ફેલાવવાના સમાચાર મળ્યા છે તેની સામે સખ્ત વિરોધ દર્શાવવાની હું મારી ફરજ સમજું છું. એક ગાંધી જેવા મહાપુરૂષને પણ આ વિષયમાં ભારત સંતાનોના હૃદયને વિષમય કરી મુકવાની છૂટ ન હોવી જોઇએ. રાષ્ટ્રીય ચૈતન્યના નિર્મળ ઝરાને મલિન કરવાની કોઇપણ વ્યક્તિને સ્વતંત્રતા હોવી ન જોઇએ. બુદ્ધ દેવે પણ એવો ઉપદેશ કર્યો નથી. ક્રાઇસ્ટ તો એમ કહેજ નહિ. જૈનો પણ એટલી હદ સુધી જાય એમ હું જાણતો નથી. અરે ! એવા સંયોગોમાં માનભર્યું જીવનજ અસંભવિત છે. એ મતનો કોઇપણ અનુયાયી ન્યાય પુરઃસર કોઇપણ સ્વેચ્છાચારીની સામે થઇ શકે નહિ. દક્ષિણ આફ્રિકામાંથી ભારતવાસીઓને કાઢી સૂકવાની તે દેશના ગોરાઓની પ્રિય ઇચ્છા સામે વિરોધ દર્શાવીને રા. ગાંધીએ શા માટે તે ગોરાઓની લાગણી દુભવી ? જ્યારે ગોરાઓએ ભારતવાસીઓને કાઢી મૂકવાની ઇચ્છા દર્શાવી ત્યારે તેમણે પોતાનો સરસામાન બાંધીને તે દેશ છોડી દેવો જોઇતો હતો અને પોતાના બંધુઓને પણ એવીજ સલાહ આપવી જોઇતી હતી. એવા સંયોગોમાં સામા થવામાં હિંસા રહેલી છે. શારીરિક હિંસા માનસિક હિંસાનું આચાર સ્વરૂપ છે. જો એક ચોર, લુંટારા કે શત્રુનો નાશ કરવાનો વિચાર કરવામાં પાપ હોય તો અલબત તેની સામે બળ અજમાવવામાં વધારે પાપ છે. વાતજ એવી મૂર્ખાઈ ભરી જણાય છે કે રા. ગાંધીના ભાષણનો હેવાલજ ભૂલભરેલો હોય એવી શંકા કરવાની મને સહજ ઇચ્છા થઇ આવે છે. પણ પત્રો તે ઉપર છુટથી વિવેચન કર્યા કરે છે, અને રા. ગાંધીએ તેનો જાહેર ઇનકાર કર્યો નથી. ગમે તેમ હો પણ જ્યાંસુધી તે ભાષણમાં રહેલો વિરોધ દૂર થાય નહિ કે તેનો ખુલાસો થાય નહિ ત્યાંસુધી મને લાગે છે કે હું મુંગો બેસી રહી શકું નહિ, અને ભારતવાસી યુવકોમાં આ મતને અવિબાધિત અને ઉચ્ચ સત્ય તરિકે પ્રસરવા દઇ શકું નહિ. રા. ગાંધી કાલ્પનિક પૂર્ણતાનું જગત્ રચવા ઇચ્છે છે. અલબત તેમ કરવા અને અન્યને તેમ કરવાનું કહેવા તેઓ પૂર્ણ સ્વતંત્ર છે; પણ તેજ પ્રમાણે તેમની ભૂલ દર્શાવી આપવાની હું પણ મારી ફરજ સમજું છું. ઉદયેપન્સુ.

---

આ લેખકે શ્રાવકને માટે સવાવસો દયા ( અહિંસા ) કહેલી છે. તેની હકીકત યથાર્થ જાણી હોત તો ઘણી હકીકતનું-તેમના મનમાં સમાધાન થઇ શકત. તેમજ જૈન ધર્મમાં પરાયણ છતાં રાજાપણું, મંત્રીપણું, સેનાપતિપણું વિગેરે કરેલું છે-કરી શકાય છે તે પણ જો લક્ષમાં લીધું હોત તો ઘણો ખુલાસો થઇ જાત. તંત્રી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# दुःखितेषु कुरु दयां.

## બારમું સૌજન્ય.

( લેખક—મૌક્તિક. )

( અનુસંધાન પૃષ્ટ ૧૩૧ થી ચાલુ. )

(૩)

દ્રવ્યદયા અને ભાવદયામાં દયા પાળનારપર લક્ષ્ય છે, સ્વદયા અને પરદયામાં દયા પાળનારના લક્ષ્યપર લક્ષ્ય છે, સ્વરૂપ દયા અને અનુબંધ દયામાં દયા પાળનારના આંતર આશય ( અધ્યવસાય ) પર લક્ષ્ય છે અને વ્યવહાર દયા અને નિશ્ચય દયામાં અન્ય પ્રમાણભૂત પ્રાણીઓ દયા સંબંધમાં શું ધારે છે, શું કહે છે તે પર લક્ષ્ય છે. વધારે સ્પષ્ટ રીતે કહીએ તો દ્રવ્યદયા અને ભાવદયા subjective છે, સ્વદયા અને પરદયા objuctive છે, સ્વરૂપ દયા અને અનુબંધ દયા personal point of view થી દયાનાં કાર્યોને લક્ષે છે અને વ્યવહાર દયા તથા નિશ્ચય દયા general point of view થી દયાના કાર્યને લક્ષે છે. દયાના વિષયના જે વિભાગો પાડવામાં આવ્યા છે તે division by dychotomy નથી, પરંતુ એ વિષયને જૂદા જૂદા દષ્ટિ બિન્દુથી તપાસવામાં આવ્યો છે. તેથી એકને એક કાર્ય આ આઠ પ્રકારની દયામાંથી એકથી વધારે દયામાં આવી શકે. આપણા ઘરડા થયેલા ઘોડાને હવે વધારે કામ આપવું તે યોગ્ય ન લાગવાથી પાંજરાપોળમાં મોકલી દીધો એ કાર્યનો વિચાર કરીએ તો દ્રવ્યદયા તે કહી શકાય, પરદયા પણ કહી શકાય, સ્વરૂપ દયા છે કે નહિ તે તેના અંતરના આશય ઉપર કહી શકાય, પણ અનુબંધ દયા તો તે નથીજ, લોકોમાં ઠીક કહેવરાવવાના આશયથી ગમે તેવી અવ્યવસ્થિત પાંજરાપોળમાં તેને મૂકી આવે તો તે સ્વરૂપ દયા કહેવાય અને તેને ગાડી ખેંચતો જોઇ પોતાના મનમાં ખરેખરી લાગણી થાય તો તે સ્વરૂપ દયા ન કહેવાય, એને વ્યવહાર દયા પણ કહી શકાય. આવી રીતે દયાના વિષય ઉપર બહુ બહુ દૃષ્ટિબિન્દુથી વિચાર કરવાની જરૂર છે. આખા શાસ્ત્રનું રહસ્ય આ વિષયમાં ઉતારેલું હોવાથી તેપર જેમ જેમ વિચાર કરવામાં આવશે તેમ તેમ નવીન નવીન તત્ત્વો સમજાય તેમ છે. અનેક દાખલાઓ આપીને આ આઠ પ્રકારની દયાનું સ્વરૂપ સમજાવી શકાય તેમ છે અને એ વિષયમાં એટલી બધી વિશાળતા રાખવાની છે તથા એ વિષયને પૃથક્કરણ કરીને સમજવાની એટલી બધી જરૂર છે કે અત્યારે આવા અગત્યના વિષયમાં જે અજ્ઞતા ચાલે છે તે ખરેખર ખેદપ્રદ લાગે છે. ખાસ કરીને જૈનધર્મનો મુખ્ય સિદ્ધાન્ત

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**અહિંસા પરમો ધર્મઃ** છે ત્યાં આવી પ્રાથમિક બાબતમાં જો પૂરતો સંતોષકારક બોધ ન હોય તો ઘણી અવ્યવસ્થા થવી સંભવિત છે અને આ વિષય લોકોમાં બરાબર સમજાવવાની ખાસ જરૂર છે. એનો સ્પષ્ટ ખ્યાલ આવવાથી અનેક નકામા પ્રશ્નો હાલ ઉઠે છે તેનો નિર્ણય થઇ જવા સંભવ છે. આ બાબતમાં રીતસર યોગ્ય ભાષામાં વિચાર બતાવવામાં આવે તો મૂર્તિપૂજા નહિ માનનાર સંપ્રદાયને પોતાની માન્યતાપર જરૂર વિચાર કરવો પડે. કારણ જેઓ સ્વરૂપ દયા, સ્વદયા અને અનુબંધ દયાનો વિષય વિચારે અને પરિણામે આશયની વિશુદ્ધતા ઉપરજ બધો આધાર મૂકવામાં આવે ત્યાં સર્વ વિરોધ શમી જાય છે. એવીજ રીતે પુસ્તકો છપાવવામાં આશાતના થાય કે નહિ, ભાષણ કરતી વખતે મુહપત્તિ બાંધવાની આવશ્યક્તા ખરી કે નહિ, દેરાસરમાં મોટા આડંબરો કરવાની જરૂર છે કે સાદાઇથી ચલાવી લેવું જરૂરનું છે? એવા કેટલાક ઓછી વધતી મહત્તા ધરાવનારા અને કેટલાક તદ્દન સાદા પણ નકામો કચવાટ કરાવનારા સવાલોનો નિર્ણય આ આઠ પ્રકારની હિંસાનું સ્વરૂપ વિસ્તારથી સમજાવવામાં આવે તો થઇ જાય તેવું છે.

અહીં આ વિષય પર ઉલ્લેખ કર્યો છે તે માત્ર બાર વ્રતની ટીપ ઉપરથી વિચાર કરીને લખ્યો છે. આ વિષયમાં મૂળ સૂત્રોમાં તથા વિશિષ્ટ ગ્રંથોમાં ઘણી હકીકત હોવી જોઇએ એમ મને લાગે છે. અહીં વિચાર કરીને લખેલા લેખમાં સ્ખલના હોય અથવા જે સ્વરૂપ અન્યત્ર હોય તેથી અહીં જુદી રીતે લખાયું હોય તો તેનું કારણ મારી અલ્પજ્ઞતા સમજી આ વિષયપર જેટલો બને તેટલો વધારે પ્રકાશ નાખવાની જરૂર છે. મને ઉપલબ્ધ સાધનોનો મેં ઉપયોગ કર્યો છે. વિશેષ સાધનો જેઓને ગમ્ય છે તેઓ જરૂર આ વિષયપર વધારે પ્રકાશ પાડશે, કારણ કે આ વિષયપર જેમ વધારે વિચાર કરવામાં આવે તેમ પરમાત્માના મૂળ સિદ્ધાન્તને વધારે પ્રસિદ્ધ કરવાનું બને તેમ છે, અહિંસાનો વિષય આપણે યથાસ્વરૂપે બરાબર સમજતા નથી એમ કહેવું એ એક રીતે ઘણું શરમ ઉત્પન્ન કરે તેવું છે, કારણ આપણો ધર્મ અથવા વ્યવહાર, દયા ઉપર રચાયેલો છે અને આપણે દુનિયામાં દયાના ફેલાવનાર તરીકે જીવદયાનો ઝુંડો ઉપાડનાર તરીકે નામના મેળવી છે અને તેને સત્ય કરવા માટે દયાનું વાસ્તવિક સ્વરૂપ બરાબર સમજવાની જરૂર છે.

કોઇપણ પ્રાણીને મરવું ગમતું નથી એ તો આપણો દરરોજનો અનુભવનો વિષય છે. સો વરસની વય થવા આવી હોય, બાલ તદ્દન સફેદ થઈ ગયા હોય, આંખોનું તેજ ગયું હોય, શરીર અડધું વળી ગયેલું હોય, લાકડીના ટેકા વગર પગલું પણ દેવાય તેમ ન હોય, જઠરાગ્નિ મંદ પડી ગયેલ હોય, દાંતની નિશાનીઓ પણ ચાલી ગઈ હોય, કાન તદ્દન બહેરા થઈ ગયા હોય, તેવા મરણના કાંઠાપર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બેઠેલા ડોસાને પણ એકનો એક પુત્ર મરી ગયો હોય, પૈસાના–ખાવાના વાંધા હોય તોપણ મરવું ગમતું નથી. તે બને તેટલી દવા ખાય છે, હવા ખાવા બહાર ગામ જાય છે, વૈદ્યોની સલાહ લે છે, અને ઘરે બેઠા પણ અનેક ગોટા વાળે છે. મરણને અંગે આવી સ્થિતિ છે તેથી કાંઈ નહિ તો અન્ય પ્રાણીની લાગણી ન દુઃખવવા ખાતર પણ આપણી ફરજ છે કે આપણે કોઈના પ્રાણ બનતા સુધી ન લેવા. આટલા માટે પંચમહાવ્રતમાં અથવા શ્રાવકના બાર વ્રતમાં પ્રથમ સ્થાન **પ્રાણાતિપાત વિરમણવ્રતને** આપવામાં આવ્યું છે. પ્રાણ દશ છે, પાંચ ઇન્દ્રિય, શ્વાસોશ્વાસ, આયુષ્ય, મનોબળ, વચનબળ, અને કાયબળ. આ દશ પ્રાણોથી આત્માને જૂદો પડાવવો તેનું નામ પ્રાણનો ‘ અતિપાત ’ છે. એને વ્યવહારમાં ‘ મરણ ’ કહેવામાં આવે છે અને તેનો ત્યાગ કરવો, એવા મરણના પ્રસંગો અન્ય જીવના સંબંધમાં લઇ આવવા નહિ તેનું નામ **પ્રાણાતિપાત વિરમણવ્રત** છે. **દ્રવ્ય** પ્રાણાતિપાત વિરમણવ્રતમાં સ્થૂળથી અન્ય કોઇપિણ પ્રાણીને મારવો નહિ, અન્ય જીવને પોતાના સમાન ગણવો અને તેનું રક્ષણ કરવું એ સર્વ બાબતોનો સમાવેશ થાય છે. અહીં એટલું ધ્યાનમાં રાખવાનું છે કે દશ પ્રાણ ઉપર જણાવ્યાં તે સંજ્ઞી પંચેંદ્રિય પ્રાણીઓને હોય છે, બાકીના જીવોને ઓછા પ્રાણ હોય છે. દાખલા તરીકે એકેંદ્રિયને એ દશ પ્રાણો પૈકી ચારજ પ્રાણ હોય છે. સ્પર્શેંદ્રિય, શ્વાસોશ્વાસ, આયુષ્ય અને કાયબળ. બેઇંદ્રિયને વચનબળ અને રસેંદ્રિય વધે છે; ત્રણ, ચાર અને અસંજ્ઞી પંચેંદ્રિય સુધી એક એક ઇંદ્રિય વધતી જાય છે, અને સંજ્ઞી પંચેદ્રિયને મનોબળ વધે છે. આ પ્રાણનો અને આત્માનો વિયોગ થાય તેને મરણ કહેવામાં આવે છે. સ્થૂળ પ્રાણાતિપાત વિરમણ વ્રત શ્રાવકો દ્રવ્યથી પાળે ત્યારે તે માત્ર સવાછ ટકા (સવા વસા) દયા પાળી શકે છે, અને સાધુ (ત્યાગી) સર્વથા સો ટકા (વીશ વસા ) દયા પાળે છે, એ પર હવે પછી વિવેચન થશે. આ સર્વનો સમાવેશ વ્યવહાર દયામાં થાય છે. **ભાવ** પ્રાણાતિપાત વિરમણવ્રતમાં આત્માને લક્ષ્ય કરી ભાવપ્રાણ આત્માના કયા તે સમજે છે ત્યારે તેને જણાય છે કે જ્ઞાન દર્શન ચારિત્રાદિ આત્માના ખરેખરાં પ્રાણ છે, તેમને હાનિ ન થાય, તે પર વિશેષ આચ્છાદન ન આવે, ચેતન પોતે પરગુણમાં કે પરભાવમાં રમણ ન કરે, પરિણતિની નિર્મળતા રહે એવી રીતે વર્તન કરે એ ભાવ પ્રાણાતિપાત વિરમણ વ્રત છે. અને તેવીજ રીતે અન્ય જીવોને આત્મપરિણતિ તરફ લક્ષ્ય કરાવવું અથવા પરપરિણતિ તરફ જાય તેવા પ્રસંગો ઉત્પન્ન ન કરવા એ પણ ભાવપ્રાણાતિપાત વિરમણવ્રત છે. આ ભાવપ્રાણાતિપાત વિરમણવ્રતનો સમાવેશ નિશ્ચય દયાનું સ્વરૂપ ઉપર જણાવ્યું છે. તેમાં થાય છે.

આપણે દ્રવ્યથી સ્થૂળહિંસાનો વિષય જરા વધારે ઉપયોગી હોવાથી તે પર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિચાર કરીએ. શરૂઆતમાં આ સંબંધમાં ઉપર ઉપરથી સ્થૂળ ત્યાગ કરવાનું બનવું સંભવે છે, તેથી આ પ્રથમના પગથીયાપર ખાસ વિચાર કરીએ. ત્યાં સ્થૂળ હિંસાના પ્રસંગો ચાર કારણોથી ઉત્પન્ન થાય છે એમ દર્શનકાર કહી ગયા છે; આકુટ્ટીથી, દર્પથી, પ્રમાદથી, અને કલ્પથી. **આકુટ્ટીહિંસામાં** અમુક વસ્તુ અનંતકાય છે માટે ન ખાવી, અમુક વસ્તુ અભક્ષ્ય છે માટે ન ખાવી, અમુક વસ્તુ અત્યંત માદક છે માટે ન ખાવી એવો નિષેધ કર્યો હોય ત્યારે નિષેધેલ છે માટેજ ખાવું એવી વૃત્તિ થઈ આવે તેનો સમાવેશ થાય છે. રસલોલુપપણે આવા પ્રકારની વૃત્તિ ઘણીવાર થઇ આવે છે તે અવલોકન કરવાથી જણાઇ આવશે. અમુક વસ્તુ ખાવાની અડચણ ન હોય તો પણ તેના સંબંધમાં ઉપયોગ ન રાખવો, ફળો કે શાખને આખાંને આખાં બાફી દેવાં એ સર્વ આકુટ્ટીહિંસામાં આવે છે, આ મોટો દોષ છે.

**દર્પહિંસામાં** અભિમાનથી વિના કારણે પ્રવૃત્ત થવાનું મન થઈ આવે, જેમકે પાડોશીએ સો દિવા દિવાળીમાં કર્યા તો આપણે બસે કરવા જોઇએ, આપણો ઘોડો કે બળદ બીજાની ગાડીની અગાઉ કેમ ન ચાલે, આપણી મીલ બીજા કરતા ઉતારો વધારે કેમ ન આપે, એમ ધારી વાદ કરી બળદ ઘોડાને દોડાવવાં, મીલોને ધમધોકાર ચલાવવી, પોતે કરેલાં નાતના જમણમાં અભિમાનથી બીજા કરતાં વધારે શાખો કરવાં વિગેરે અભિમાનના અનેક પ્રસંગો કલ્પી શકાય તેમ છે. નિવારણ થઇ શકે તેવી આ હિંસાને દર્પ હનન ક્રિયા કહેવામાં આવે છે.

**પ્રમાદહિંસા**માં કામ-વિષયને જાગૃત કરે તેવા પદાર્થોનું સેવન કરવું. ચાકુતિ આદિ ખાવાં, તેમને એકઠાં કરવાં અને તે માટે અનેક ત્રસ જીવનું મર્દન કરવું એ સર્વનો આમાં સમાવેશ થાય છે. મદ્ય, વિષય, કષાય, વિકથા અને નિદ્રા એ પાંચ પ્રકારના પ્રમાદ છે. દૂર કરી શકાય તેવી હિંસા પણ આ પાંચે નિમિત્તોને લઈને પ્રાણી કરે છે. જરા વધારે ઉપયોગ રાખવાથી ઘણો સુધારો થઈ શકે તેવી બાબત મોજ શોખના વિલાસમાં ને વિચારમાં ભૂલી જાય છે. પ્રમાદનો અર્થ બેદરકારી પણ થઇ શકે. ઘણીવાર બેદરકારીથી હિંસા થઇ આવે છે. પાણીના ગરણાં બરાબર રાખવાં, ઘર સાફસુફ રખાવવું, મુરબ્બા વિગેરે રસોવાળાં ઠામોને ઉપયોગ પૂર્વક બાંધવા એ ઘરની બાબતો થઇ, એવીજ રીતે ચાલતાં, ઉઠતાં, બેસતાં ઉપયોગ રાખવાથી બેદરકારીથી થતી હિંસાનો પ્રતિબંધ સ્વતઃ થઇ જાય છે. ઉપરાંત આપણા દાસદાસી ઘોડા ગાય ઢોર આદિના સંબંધમાં બેદરકાર રહેવાથી ઢોર વિગેરેને વખતસર ખોરાક ન મળવાથી હિંસા થાય એ સર્વનો સમાવેશ આ પ્રમાદહિંસામાં થાય છે.

**કલ્પહિંસા**—રાંધવા આદિ નિમિત્તે અનિવાર્યપણે હિંસા કરવી પડે તે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કલ્પહિંસા કહેવામાં આવે છે. પ્રથમના ત્રણ પ્રકારની હિંસાનું નિવારણ થઈ શકે તેમ છે, ચોથા પ્રકારનો ત્યાગ વ્યવહારૂ ગૃહસ્થજીવનમાં થવો શકય નથી. કેમકે અનિવાર્ય કારણોથી તે હિંસા થાય છે.

હિંસાના વિષયમાં ઘણી લંબાણુ હદ સુધી ઉપયોગ રાખવાની જરૂર છે. આ સંબંધમાં પ્રાણી જેમ વધારે લક્ષ્ય આપે તેમ હિંસાના ઘણા પ્રસંગો તે દૂર રાખી શકે તેમ છે. વ્યવહારૂ જીવનવાળાએ ( ગૃહસ્થે ) છેલ્લામાં છેલ્લી હદે કેટલી દયા પાળવીજ જોઇએ તેનો નિર્ણય કરવા સારૂ એક ગણુતરી શાસ્ત્રકારે બતાવી છે. આથી સાધુજીવન અને ગૃહસ્થજીવનના તફાવતને ધ્યાનમાં રાખી છેવટે ગૃહસ્થે કેટલો ઉપયોગ આ વિષયમાં રાખવોજ જોઇએ તે બતાવતાં તેઓ કહે છે કે **સાધુએ વીસવસા દયા પાળવી અને શ્રાવકે સવા વસા દયા પાળવી,** એટલે સાધુએ સો ટકા અથવા આખો રૂપિયો દયા પાળવી તો ગૃહસ્થે સવા છ ટકા અથવા એક આનો દયા પાળવી. આ તફાવત જીવનના સંયોગો અને નિયમના ફેરફારને લીધે ઉત્પન્ન થયો છે. આપણે એ બાબત સંક્ષેપમાં વિચારી જઇએ.

પૃથ્વી, પાણી, અગ્નિ અને વાયુના સૂક્ષ્મ અને બાદર જીવો અસંખ્ય હોય છે. સૂક્ષ્મ બાદર વનસ્પતિ જીવો અનંત છે અનેસૂક્ષ્મ જીવો સર્વ જગોએ ભરેલા છે. તેને શસ્ત્રનો ઉપઘાત લાગતો નથી, તેઓની વાત બાજુ ઉપર રાખીએ તો બાકીના પાંચે પ્રકારના એક ઇંદ્રિયવાળા બાદર જીવો તેમજ બે ત્રણ ચાર અને પાંચ ઇંદ્રિયવાળા સર્વ જીવોની સાધુઓ સંપૂર્ણ દયા પાળે છે અને તેમાં કોઈપણ પ્રકારે પોતાથી બને ત્યાં સુધી સ્ખલના થવા દેતા નથી. કદાચ હાલતાં ચાલતાં કોઇ હિંસા થઇ જાય તો પણ ત્યાં અનુબંધ દયા આવી જાય છે, કારણ કે સાધુની પ્રવૃત્તિ આત્મહિતને અંગે કાંતો આત્મિકવ્યાપારમાં અથવા પરહિતસાધન જોડવામાંજ હોય છે અને દયામાં આશય ઉપર ખાસ ધ્યાન આપવાનું હોવાથી તેઓના વર્તન અને સંયોગોને લઇને સર્વ પ્રકારની દયા પાળવાનું તેઓથી બની શકે છે. તેઓને રાંધવા-વ્યાપાર કરવા આદિનો નિષેધ હોવાથી તેઓથી સર્વ પ્રકારની દયા પાળવાનું બની શકે છે.

વ્યવહારૂ માણસને તેમ થઈ શકતું નથી. તેને વ્યવહાર ચલાવવાને અંગે અનેક આરંભ કરવા પડે છે અને વ્યાપારો આદરવા પડે છે, આથી સંયોગાનુસાર દયાની બાબતમાં તેને ઓછા ટકા મળે છે. ઉપર જે એક ઇંદ્રિયવાળા પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ અને વનસ્પતિ જણાવ્યા તેને 'સ્થાવર' કહેવામાં આવે છે. એ સ્થાવર જીવોની હિંસાનો ત્યાગ ગૃહસ્થથી અથવા વ્યવહારૂ પ્રાણીથી થઈ શકતો નથી, બે ત્રણ ચાર ને પાંચ ઇંદ્રિયવાળા જીવોને 'ત્રસ' જીવો કહેવામાં આવે છે. વ્યાપારને અંગે,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ખાવા પીવાને અંગે, રાંધવાને અંગે, જવા આવવાને અંગે સ્થાવરની હિંસાનો ત્યાગ શ્રાવકથી થઈ શકતો નથી, તેના સંયોગોજ એવા છે કે તેનાથી તે બાબત દૂર કરી શકાય નહિ. મુસાફરીમાં વાહનોનો ઉપયોગ કરતાં, શાક સમારતાં, ધંધો ચલાવતાં કે વસ્તુ વેચતાં લેતાં આ સ્થાવર જીવોની હિંસા તેને અનિવાર્ય છે. આથી સાધુ જીવનને અહિંસાના સો ટકા અથવા માર્ક આપવામાં આવે અથવા વીશ વસા આપવામાં આવે તો ગૃહસ્થની દયાને ૫૦ ટકા અથવા માર્ક મળે અથવા આપણી શાસ્ત્રીય પરિચિત ભાષામાં બોલીએ તો ૧૦ વસા તેના ઓછા થઇ ગયા.

ગૃહસ્થ સવા વસો દયા પાળી શકે, એમ કહ્યું છે તેને અંગે એટલી હકીકત ધ્યાનમાં રાખવાની છે કે ત્રસ જીવોને તે સંકલ્પીને મારી નાખવાના ઇરાદાથી ન મારે, પણ પોતાને વ્યવહારને અંગે અનેક પ્રકારના આરંભ કરવા પડે તેમાં ત્રસ જીવોનો પણ વિનાશ થઈ જાય, તેને માટે ઉપયોગ રાખે, પણ તેની દયા તેનાથી પળી શકે નહિ. શાખ બાફતાં ઇયળ આવી જાય, કે પાણી ગળતાં પૂરો રહી જાય તો તે તેને અનિવાર્ય છે, એવીજરીતે વ્યાપારને અંગે અનેક ત્રસ જીવોનો નાશ થઇ જાય તેમાં તેનો ઉપાય રહેતો નથી. દાણાના કે ગોળના વ્યાપારીને, ખાંડ સાકરના વ્યાપારીને, મીલ ચલાવનારને અથવા સંક્ષેપમાં કહીએ તો કોઇ પણ ધંધો કરનારને ત્રસ જીવોની હિંસા આરંભ સમારંભને અંગે થઇ જાય છે. ત્રસ જીવની ગૃહસ્થ રક્ષા કરે તે માત્ર સંકલ્પથી કરી શકે એટલીજ વાત રહી, પણ આરંભ સમારંભને અંગે ત્રસની હિંસા થઈ જાય તેમાં તેના સંયોગાનુસાર માત્ર તે ઉપયોગજ રાખી શકે, પણ તેવી હિંસાનું તેનાથી સર્વથા નિવારણ થઇ શકે નહિ. સાધુને તો કોઇ વાતનો આરંભજ કરવાની આજ્ઞા નથી. આ પ્રમાણે હોવાથી ગૃહસ્થ ત્રસ જીવની હિંસા કરે નહિ તેમાં પણ પાછો વિભાગ પડી ગયો. ગૃહસ્થ સંકલ્પ પૂર્વક હિંસા ન કરે, પણ આરંભને અંગે ત્રસ જીવની હિંસા થઇ જાય. આથી ૫૦ માર્કના ૨૫ થઇ ગયા અથવા ત્રસ સંબંધી દશ વસાના પાંચ વસા થઈ ગયા. ત્રસ જીવોને સંકલ્પે કરી મારે નહિ, આરંભને અંગે મરી જાય તેમાં તેનો ઉપાય નથી. આટલી હદ સુધી આપણે આવ્યા. હજુ પણ આ ક્ષેત્ર સંકોચાતું જશે.

ત્રસ જીવોને સંકલ્પ પૂર્વક ગૃહસ્થ મારે નહિ, આરંભને અંગે મરી જાય તે અનિવાર્ય હોવાથી તેના સંબંધમાં નિયમ તરીકે પ્રતિબંધ થઈ શકે નહિ. હવે સંકલ્પ પૂર્વક નહિ મારવાના ત્રસ જીવોમાં પણ કેટલાકે આ પ્રાણીનો ગુન્હો–અપરાધ કર્યો હોય તેને ગૃહસ્થને મારવા પડે છે. ઘરમાં ચોર પેઠા છે, વસ્તુઓ લઈ જાય છે અને ભિખારી બનાવે તેમ છે. જે વખતે હથિયાર હાથમાં હતાં તે વખતે પોતાની જાતનો બચાવ કરવા કે પોતાના માલનો બચાવ કરવા અનેક રીતે તેનો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉપયોગ થઈ શકતો, એવીજ રીતે પોતાની સ્ત્રી સાથે દુરાચાર સેવનાર, પોતાને સખ્ત ઈજા કરનાર અથવા ઈજા કરવાનો ઉઘાડો ઈરાદો બતાવનાર, પોતાની સામે કૌભાંડ રચી હેરાનગતિ કરનારના સંબંધમાં ગૃહસ્થ એકદમ પોતાથી બને તેટલું હાથોહાથ કામ લઈ શકે છે, ખુન કરવા આવનારને કાલે સવારે સજા કરાવશું એવા વિચારમાં કદાચ પોતાનાજ પ્રાણુ જાય; અત્યારે આપણી પાસે સ્વબચાવનાં સાધનો નથી તેથી આ બાબતની કિંમત આવે નહિ, પણ કહેવાની હકીકત એ છે કે અપરાધી ત્રસ જીવોના સંબંધમાં ગૃહસ્થ દયા પાળી શકતો નથી, લડાઈમાં તેને લડવા જવું પડે અને ત્યાં બંદુક કે તરવારનો ઉપયોગ ન કરતાં તે માત્ર ઝાલીને ઉભો રહે તો કાંતો તે નામર્દ ગણાય છે અથવા બહુ થોડા વખતમાં તો જમીનપર પટકાઈ પડે છે. આથી સંકલ્પપૂર્વક ત્રસ જીવની દયા પાળવાની ગૃહસ્થના સંબંધમાં વાતચીત કરી તે પણ નિરપરાધી ત્રસ જીવો માટે બને છે, અપરાધી માટે ગૃહસ્થથી નિયમ થઇ શકતો નથી. દીર્ઘદષ્ટિવાળા પુરૂષોનું આમાં કેટલું ડહાપણ છે તે પણ જરા વિચારી લેવા જેવું છે. સાધુઓ તો અપરાધી અને નિરપરાધી ઉપર સમાન નજરવાળા હોય છે, તેથી તેઓના સંબંધમાં આવો સવાલજ ઉઠતો નથી. આથી પચીશ ટકા બાકી રહ્યા હતા તેમાંથી પણ અડધા જતા રહ્યા, એટલે ગૃહસ્થને સાધુના પ્રમાણમાં સાડાબાર ટકા અથવા અઢી વસા દયા બાકી રહી. અહીં સુધી ગૃહસ્થને અંગે આપણે એટલા નિયમપર આવ્યા કે તે " સંકલ્પપૂર્વક નિરપરાધી ત્રસ જીવને હણે નહિ. "

આવી રીતે સંકલ્પપૂર્વક નિરપરાધી ત્રસ જીવના સંબંધમાં ગૃહસ્થ દયા પાળે તેમાં પણ કેટલોક અપવાદ સેવવો પડે છે. ગૃહસ્થને એવા કારણો–પ્રસંગો આવે છે કે તે સંકલ્પથી નિરપરાધી ત્રસ જીવ હોય તેની હિંસાનો પણ સર્વથા નિષેધ કરી શકતો નથી. દાખલા તરીકે પોતાના ઘોડા, ઉંટ, બળદ ઉપર સ્વારી કરતાં, તેને ચલાવતાં તેમને દુ:ખ આપવું પડે, તેઓ બોલી શકે નહિ તેથી ન ચાલવાનું કારણ સમજ્યા વગર માત્ર તેઓને ઉતાવળથી ચલાવવા ખાતર મારવા પડે; શરીરમાં વ્યાધિને અંગે ખસ, દરાજ, કમી વિગેરે જીવો થઈ ગયા હોય તેઓના સંબંધમાં ઉપચાર કરી તેઓને શરીરથી દૂર કરવા જતા ત્રસ જીવોનો ઘાત થઈ જાય તે અનિવાર્ય છે; પોતાના બાગ બગીચા હોય તેને સુધારતાં અનેક નિરપરાધી ત્રસ જીવોનો પણ નાશ થઈ જાય; પોતાના ખેતરોમાં અનાજ વાવતાં, કપાવતાં અને નકામા છોડવાનું નિંદણુ કરતાં અનેક ત્રસ જીવોનો નાશ થઈ જાય એ સર્વ કારણુને લઈને હિંસા અનિવાર્ય થઈ પડે છે. આવી રીતે સંકલ્પપૂર્વક નિરપરાધી ત્રસ જીવોને ન મારે એમ કહ્યું તેમાં પણ ગૃહસ્થ તરીકેની પોતા તરફની,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કુટુંબ તરફની, શરીર તરફની અને બીજી ફરજો બજાવતાં અને ધનપ્રાપ્તિને અંગે કારણ ઉત્પન્ન થતાં હિંસા થઈ જાય તે માટે તેને પ્રતિબંધ નથી. આથી અઢી વસા અથવા સાડાબાર ટકા દયા ઉપર બતાવવામાં આવી હતી તેમાં પણ કારણવશાત્ તેને અપવાદ સેવવો પડે, એટલે હવે તેને સવા વસા અથવા સવાછ ટકા દયા બાકી રહી. સાધુ તો સર્વ જીવો—પછી તે અપરાધી હોય કે નિરપરાધી હોય, તેને મારવાનું કાંઇ કારણ આવી પડે તો પણ તેના સંબંધમાં બીજો વિચાર કર્યા વગર દયાજ પાળે ત્યારે ગૃહસ્થને તેના સંયોગ પ્રમાણે એટલો નિયમ જણાવ્યો છે કે તે "સંકલ્પ પૂર્વક નિરપરાધી જીવની કારણ વગર હિંસા કરે નહિ." આવી રીતે સવા વસા દયા ગૃહસ્થને માટે કહેવામાં આવેલ છે. તેનો આશય સમજાયો હશે.

વિવેક પૂર્વક ક્ષમાને આદરવાની ઘણી જરૂર છે. આ સંસારમાં પ્રાણીનું મુખ્ય કર્ત્તવ્ય એ છે કે તેણે પોતાથી બને તેટલો પોતાની ઉત્ક્રાંતિનો વિચાર કરવો અને તેવા વિચારને અંગે અન્ય પ્રાણીઓને પોતાની જેવાજ જાણવા. જ્યારે એમ સમજવામાં આવે કે અન્ય પ્રાણીઓનો આત્મા, પોતાનો આત્મા અને મોક્ષસ્થ પરમાત્માનો આત્મા એક સરખાજ છે, જ્યારે સમજાય કે પોતાને અત્યારે અનુકૂળતા કાંઇક વધારે છે પણ જો આગળ વધે તો પોતાનો અને સામાન્ય નાના જીવનો આત્મા પણ મોક્ષ જઇ શકે તેવો છે, જ્યારે સમજાય કે પરમાત્માના આત્મિક ગુણો પ્રગટ થયેલા છે, પોતાના અને બીજા સંસારી જીવોના ઢંકાઈ રહેલા છે પણ એટલો તફાવત બાદ કરીએ તો સર્વ સરખા છે, તો પછી એવા અન્ય પ્રાણીના પ્રાણનો અને આત્માનો વિયોગ પોતાથી બને ત્યાં સુધી ન કરાવવો એવો સહજ વિચાર આવે તેમ છે. આવી રીતના વિચારને પરિણામે પછી પોતાના સહજ કે વધારે દોષ કરનાર ઉપર પણ ક્ષમા આવે છે અને એમ થાય એટલે આ પ્રાણીની ચેતના આગળ પ્રગતિ કરતી જાય છે. ક્ષમા (દ્વિતીય સૌજન્ય) ના વિષયમાં આ બાબતપર ઘણું લંબાણ વિવેચન કરેલું હોવાથી અત્ર તેનું પુનરાવર્ત્તન ન કરતાં માત્ર એટલુંજ જણાવવામાં આવે છે કે જીવવધ ત્યાગની સાથે જ્યારે 'ક્ષમા' જોડાયલી હોય છે ત્યારે બહુ સારી રીતે ચેતના વ્યક્ત થાય છે અને એ બાબતમાં ધીમે ધીમે પ્રગતિ કરતાં પ્રાણી બહુ લાભ મેળવે છે. વિવેકરાજાની પુત્રી ક્ષમા સાથે વિવાહ કરતાં હિંસા નામની બલા કેવી રીતે દૂર થાય છે તે સંબંધમાં બહુ વિસ્તારથી વિવેચન શ્રી ઉપમિતિ ભવ પ્રપંચા કથાના ત્રીજા પ્રસ્તાવમાં શ્રી સિદ્ધર્ષિ ગણિએ કર્યું છે તે વાંચવાની ભલામણ કરવામાં આવે છે.

મરવાથી પ્રાણી બહુ ડરે છે એટલુંજ નહિ પણ મરણ વખત પીડા પણ બહુજ થાય છે. શરીર ઉપર આ પ્રાણીને તે અવસરે એટલી બધી મમતા થઇ જાય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે કે તેને છોડવું ગમતું નથી અને એ ઉપરાંત તેની સાથે એટલો તાદાત્મ્ય સંબંધ થઈ ગયેલો છે કે તેને છોડતાં છોડતાં બહુ વ્યથા થાય છે. આખા શરીરના પ્રત્યેક રોમેરોમ પર તપાવેલી સોઈઓ ભોંકતાં પીડા થાય તેથી આઠ ગણી પીડા મરણ સમયે પ્રાણીને થાય છે એમ વિશિષ્ટ જ્ઞાનીઓ જ્ઞાનદ્વારા જોઈ જાણીને કહી ગયા છે તેથી અહિંસાના સંબંધમાં ખાસ ધ્યાન રાખવાની બહુ જરૂર છે. આપણુને જેવાં આપણાં પ્રાણ વહાલાં છે તેવાં અન્ય પ્રાણીઓને પોતાનાં પ્રાણ વહાલાં છે. અવ્યક્ત ચેતનાવાળા અથવા મન વગરના જીવોને પણ મરણ સમયે પીડા બહુ થાય છે તેમને તેવી પીડા કરવાનો આપણુને કોઈ પણ પ્રકારે હક પ્રાપ્ત થતો નથી દયાના સંબંધમાં બહુ સંભાળ રાખી અન્ય જીવને પોતાની સમાન ગણી ન પળી શકે તેવી દયાના સંબંધમાં મનમાં ખેદ રાખી ઉપયોગ પૂર્વક વર્તવું. ખાવાપીવાને અંગે, ન્હાવાને અંગે, જવા આવવાને અંગે, વ્યાપારને અંગે, અનિવાર્ય હિંસાના સંબંધમાં પણ ઉપયોગ રાખવાથી બહુ ફેર પડે છે તેથી તે સંબંધમાં ઉપયોગ રાખવાની બહુ જરૂર છે.

ઈરાદા પૂર્વક પંચેંદ્રિય જીવોને મારી મરાવી તેઓના માંસનું ભક્ષણ કરવું, માછલીઓ ખાવી, ઇંડાં ખાવાં એ સ્પષ્ટ રીતે ગેરવાજબી છે. એથી જીવહિંસા થાય એ ઉપરાંત ખાનારની મનોવૃત્તિ અત્યંત ખરાબ થાય છે, સાત્વિક પ્રકૃતિ ટળી જઈ તામસી વૃત્તિ થાય છે અને એ એટલો મોટો તફાવત છે કે એથી આખા જીવનપર મોટી અસર થાય છે. એકજ કામ સાત્વિક વૃત્તિનો પ્રાણી કરે અને તેવુંજ કાર્ય તામસી વૃત્તિવાળો માણુસ કરે તેમાં બહુ મોટો તફાવત પડે છે. સાત્વિક માણુસ શાંતપણે પરિણામ તરફ દૂર સુધી નજર રાખી શકે છે ત્યારે તામસી માણુસ ખાસ ઘુંચવણના પ્રસંગો આવતાં કાંતો ગભરાઈ જાય છે અથવા ગોટાળો કરી મૂકે છે. બાકી એક જીવને પણ મરણુની પીડામાંથી બચાવતી વખતે જે આનંદ થાય છે તેનું વર્ણન કરવું મુશ્કેલ છે.

આવી અનેક રીતે વિચારતાં એમ સહજ જણાઈ આવે છે કે દયા રાખવી એ આ પ્રાણીની ખાસ ફરજ છે, અન્ય પ્રાણીનો જીવ લેવાનો તેને અધિકાર નથી, એટલુંજ નહિ પણ તેમ કરવા જતાં પોતાની મનોવૃત્તિને તે એટલી ખરાબ કરી મૂકે છે કે તેને બહુ પસ્તાવું પડે છે. અને તેમ કરવાથી તેની પોતાની પ્રગતિ અટકાવવા ઉપરાંત તે પાછો પડી જાય છે, સાધ્ય તરફ આગળ ન વધવાને પરિણામે સંસારમાં રખડ્યા કરે છે અને અનેક અનર્થોને સહન કરે છે. મનોવૃત્તિમાં નિર્બળ તત્ત્વ દાખલ થયા પછી તેની અસર બીજાં પાપો ઉપર જરૂર થાય છે અને આખરે સદ્ગુણુનો વિશાળ, સીધો અને સરલ માર્ગ મૂકી દઇ તે અતિ નિંદ્ય અધમ માર્ગ પર વધતો જાય છે. આવી રીતે પ્રાણીનો અધઃપાત થાય છે. અપૂર્ણ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# જિનરાજ—ભક્તિ.

ગયા ફાલ્ગુન માસના અંકમાં જ્યારે 'ભક્તિને મિષે થતી આશાતનાઓ' નો લેખ લખવામાં આવ્યો ત્યારે કેટલાએક બંધુઓ તરફથી એવી માગણી થઇ હતી કે એ લેખની સાથે—તેની પુષ્ટીમાં ભક્તિ કેવી રીતે કરવી તે સંબંધી લેખની પણ આવશ્યકતા છે. કારણ કે કેટલાએક સુજ્ઞ બંધુઓ તો સદરહુ લેખ ઉપરથીજ ભક્તિનો પ્રકાર સમજી શકે છે, પણ કેટલાએક સરલ જીવો માટે સ્પષ્ટપણે ભક્તિનુંજ પ્રતિપાદન કરનાર લેખની આવશ્યકતા છે. આવી માગણી ઉપરથી આ લેખ લખવાની પ્રવૃત્તિ થઈ છે.

તીર્થંકર મહારાજા આપણા પરમ ઉપકારી છે, આપણને મોક્ષનો શુદ્ધ માર્ગ બતાવનારા છે અને સર્વ દોષ વિમુક્ત હોવા સાથે સર્વ ગુણસંયુક્ત છે. એવા પરમાત્માની ભક્તિ, વંદન, નમન, પૂજન અને સ્તવનાદિવડે થાય છે. તેમ કરવાનો પ્રથમ હેતુ એ છે કે ઉપકારીનો ઉપકાર માનવો એ કૃતજ્ઞતા છે. ઉપકાર માન્યો ત્યારેજ કહી શકાય કે યથાશક્તિ—શક્તિને કિંચિત્ પણ ગોપવ્યા સિવાય તેની ભક્તિ કરવામાં આવે. બીજો હેતુ તેઓ શુદ્ધ માર્ગોપદેશક છે તે છે. આ જીવે અદ્યાપિ પર્યંત અશુદ્ધ માર્ગોપદેશકે બતાવેલા માર્ગે ચાલીનેજ સંસારમાં પરિભ્રમણ કર્યું છે. જેઓને પોતાનેજ શુદ્ધ માર્ગની પ્રાપ્તિ થઇ ન હોય તે અન્યને શુદ્ધ માર્ગ કયાંથી બતાવે ? લૌકીક દેવો અને લૌકિક ગુરૂઓ પોતેજ શુદ્ધ માર્ગના અનભિજ્ઞપણાથી હજુ સંસારમાં ભટકતા છે, તેઓ શુદ્ધ માર્ગોપદેશકપણાનો દાવો કરતા હોય—કરે છે તો તે મિથ્યાભિમાન છે. જ્યાંસુધી સર્વથા રાગદ્વેષનો ક્ષય ન થાય—વીતરાગપણું પ્રાપ્ત ન થાય ત્યાંસુધી ખરેખરો શુદ્ધ માર્ગ બતાવી શકાતોજ નથી. કારણ કે અસર્વજ્ઞપણું જ્યાંસુધી હોય ત્યાંસુધી સંપૂર્ણ શુદ્ધમાર્ગ કહી શકાય નહીં અને ખરૂં સર્વજ્ઞપણું વીતરાગ દશામાંજ પ્રાપ્ત થઇ શકે છે. પરમાત્માની ભક્તિનો આ બીજો હેતુ છે. ત્રીજો હેતુ તેઓ સર્વ ગુણસંપન્ન છે—અનંતગુણોના સ્વામી છે—તે સાથેજ સર્વ દોષથી સર્વથા નિર્મુક્ત છે. એવા પરમાત્માની ભક્તિ આપણા આત્મામાં પણ તેવા ગુણો પ્રકટ કરે છે. ગુણીની ભક્તિ ગુણ નિષ્પન્ન કરે છે એ વાત શાસ્ત્રસિદ્ધ છે. આ ત્રણ હેતુ મુખ્ય છે. બીજા પણ પરમાત્માની ભક્તિના અનેક હેતુઓ છે. આટલા ઉપરથી એ પરમાત્મા ભક્તિ કરવા યોગ્ય છે અને ભક્તિ કરવી તે આપણી અનિવાર્ય ફરજ છે, તો હવે ભક્તિ કેવી રીતે કરવી ? તેનો વિચાર કરીએ

ઉપર કહેવાઇ ગયું છે કે પરમાત્માની અથવા કોઈપણ શ્રેષ્ઠ ગુણવાનની ભક્તિ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વંદન, નમન, પૂજન અને સ્તવનાદિવડે થાય છે. પરમાત્માની ભક્તિ કેમ કરવી ? તે ચૈત્યવંદન ભાષ્યાદિમાં બહુ સારી રીતે બતાવેલ છે તે ઉપરથી સંક્ષેપમાં અહીં બતાવવામાં આવે છે.

પરમાત્મા સાક્ષાત્ તો આ કાળે વર્તતા નથી એટલે તેમની ભકિતના પ્રકાર ચિંતવતા તેમની મૂર્ત્તિની ભકિત કરવી, તેમના ગુણાનુવાદ કરવા અને તેમની આજ્ઞાનું યથાશકિત પ્રતિપાલન કરવું. આ ત્રણ પ્રકાર ભક્તિસૂચક દૃષ્ટિએ પડે છે. ભકિત બહુમાનની અંદર દર્શન પૂજનનો સમાવેશ થાય છે. પરમાત્માની મૂર્ત્તિ કે જે આ જીવને આત્મહિત સાધવામાં પરમ આલંબનભૂત છે તેમના ત્રણ કાળ દર્શન અને ત્રણ કાળ પૂજન કરવાનું શાસ્ત્રમાં કહેલું છે, પ્રભાતે દર્શન કરવા જતાં તે સાથેજ વાસક્ષેપવડે પૂજન કરાય છે, મધ્યાન્હનાં દર્શન વખતે અષ્ટપ્રકારે પૂજન કરાય છે અને સંધ્યાના દર્શન વખતે ધૂપદીપાદિવડે પૂજન થાય છે. આ ત્રણે વખત દર્શન પૂજનની સાથેજ ચૈત્યવંદનાદિ ભાવપૂજા તો કરવાનીજ છે. કારણ કે દ્રવ્યપૂજા ભાવપૂજાને નિમિત્તેજ કરવામાં આવે છે. દ્રવ્યવિના ભાવની નિષ્પત્તિ સંસારી જીવને થઇ શકતી નથી, તેથી દ્રવ્યપૂજનની આવશ્યકતા છે. પરંતુ તે સાથે ભાવપૂજાને ભૂલી જવાની નથી કારણ કે દ્રવ્યપૂજા તો પરિમિત ફળને આપનારી છે અને ભાવપૂજા અપરિમિત ફળની દાતા છે.

દર્શન કે પૂજન કરવા જતી વખત પાંચ અભિગમન સાચવવા અને દશ ત્રીક જાળવવા આ મુખ્ય ધ્યાનમાં રાખવાનું છે, તેની અંદર ભકિતના તમામ પ્રકારનો સમાવેશ થઇ જાય છે. દર્શન કરવા માટે ઘરથી નીકળતાં અને માર્ગે ચાલતાં જે ફળ શાસ્ત્રકારે બતાવેલ છે તે માત્ર દર્શન પૂજન સંબંધી અથવા પરમાત્માના ગુણો સંબંધી વિચાર કરતાં કરતાં એકચિત્તે ચાલ્યા જનાર માટે છે. માર્ગે અનેક વ્યવસાય કરતો, અનેક પ્રકારની વિકથાઓ કરતો, અનેક પ્રકારના આરંભસરંભ કરવાની આજ્ઞા આપતો જિનમંદિરે જાય તેને માટે એ ફળની પ્રાપ્તિ સમજવી નહીં. પ્રભાતે દર્શન કરવા જનારે સર્વ સ્નાન કરીને જવાની અપેક્ષા નથી, પરંતુ હાથ પગ વિગેરે અશુદ્ધ થયેલ શરીરના ભાગને જળવડે શુદ્ધ કરીને જવાની જરૂર છે. સંધ્યાકાળે પણ તે હકીકત ધ્યાનમાં રાખવાની છે. તે બંને વખતે પ્રભુની અંગ પૂજા કરવાની ન હોવાથી સર્વ સ્નાનની અપેક્ષા નથી. મધ્યાન્હે તો અષ્ટપ્રકારી પૂજા કરવાની છે તેથી તે વખતે તો બનતા સુધી પોતાને ઘરેથીજ સ્નાન કરી, શુદ્ધ થઈ, શુદ્ધ વસ્ત્ર પહેરી, માર્ગમાં અપવિત્ર વસ્તુ કે મનુષ્ય માયા પશુ વિગેરેનો સંસર્ગ ન થાય તેવા ઉપયોગ પૂર્વક જિનમંદિરે જવાનું છે. સ્નાન કરવાનું સ્થળ જીવાકુળ ન જોઇએ, સચિત્ત માટી વિગેરેવાળું ન જોઇએ, તડકો આવે તેવું અને પાણી સુકાઈ જાય તેવું જોઈએ,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એવે સ્થળે ચાર પાયાવાળા બાજોઠ ઉપર બેસી કાંઇક ઉષ્ણ જળવડે આખું શરીર બરાબર સાફ થાય તેવી રીતે હાથ વડે ઘસીને પરિમિત જળથી સ્નાન કરવું જોઇએ. તે વખતે કેશ, કંઠ, કપાળ, કક્ષા, કાંડા, કચ્છોટ વિગેરે બરાબર સ્વચ્છ કરવા જોઇએ. અને ન્હાઇને તરતજ સારા સુંવાળા પણ પાણી ચુસે તેવા ટુવાલવડે શરીર ઘસીને નિર્જળ કરવું જોઇએ. પછી પૂજાના વસ્ત્ર પહેર્યા અગાઉ એક ઉનનું વસ્ત્ર ( ધાબળી વિગેરે ) પહેરવું કે જેથી શરીર બરાબર નિર્જળ થાય. પૂજાના વસ્ત્ર બનતા સુધી શ્વેત જોઇએ અને નિર્મળ-સ્વચ્છ જોઇએ. આ વસ્ત્રો પૂજા કર્યા પછી દરરોજ ધોવાય તેવી વ્યવસ્થા કરવી જોઇએ. તે કારણને લઈને દરરોજને માટે સુતરના વસ્ત્રો હોય તો તે વધારે અનુકૂળ જણાય છે. બાકી શ્રીમંતોને તો રેશમી વસ્ત્રો પણ દરરોજ ધોવરાવે તેવા રાખે તો અટકે તેમ નથી.

આવાં વસ્ત્ર પહેરી, અષ્ટપુટ મુખકોશ બાંધી, પૂજાના ઉપકરણો સાથે લઈ જિનમંદિરે જવું. મુખકોશ અંગ પૂજા વખતેજ માત્ર બાંધવાનું ન સમજવું પણ જ્યાંસુધી ગર્ભગૃહમાં રહેવું ત્યાંસુધી તે રાખવો જોઇએ, કારણ કે ગર્ભગૃહમાં ઉઘાડે મુખે બોલવાથી દુર્ગંધી વાસ નીકળે છે અને થુંક પણ ઉડે છે. તેથી ગભારામાંથી બહાર નીકળ્યા પછી મુખકોશ છોડવો. તે સાથે એટલું ધ્યાનમાં રાખવું કે મુખકોશ બાંધ્યા છતાં પણ પ્રભુની જળ, ચંદન કે પુષ્પ પૂજા કરતાં બોલવાનું નથી. મૌનપણે પરમાત્માના ગુણોનું ચિંતવન કરતાં અંગપૂજા કરવાની છે. આ વાત ખાસ ધ્યાનમાં રાખવી.

૧ ત્રણે કાળના દર્શન કે પૂજન નિમિત્તે જિનમંદિરે જતાં પાંચ અભિગમન સાચવવાં તે આ પ્રમાણે:—

૧ સચિત્ત વસ્તુ અને ઉપલક્ષણથી પોતાના ખોરાકમાં લેવાની કોઈ પણ વસ્તુ જિનમંદિરના ગઢની અંદર લઈ જવી નહીં. જિનપૂજા નિમિત્તની જળ, પુષ્પ, ફળાદિ વસ્તુને માટે નિષેધ સમજવો નહિ. પરંતુ પોતાની શોભાના પુષ્પમાળાદિ તજી દેવા.

૨ અચિત્ત વસ્તુ-ઉપલક્ષણથી શરીરની શોભાના સાધનો લઈ જવાં. જિનપૂજામાં આભુષણાદિ તજવાના નથી, પરંતુ રાજચિન્હ તરીકેનો મુગટ કે કલગી વિગેરે હોય તે તજી દેવાના છે. અર્થાત્ તેવા પદાર્થો જિનમંદિરની બહાર મૂકી જવાના છે.

૩ મનને એકાગ્ર કરવું.

૪ પ્રભુની મૂર્ત્તિ દૃષ્ટિએ પડે ત્યારથી બે હાથ જોડી રાખવા.

૫ એક વસ્ત્રનું ઉત્તરાસન કરવું. ( આ ઉત્તરાસન ચૈત્યવંદનાદિ કરતાં ભૂમિ પ્રમાર્જવાના પણ ઉપયોગમાં આવે છે. )

આ પાંચ અભિગમન ઉપરાંત રાજાઓને માટે ખડ્ગ, છત્ર, મોજડી, મુગટ ને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ચામર તજી દેવાના કહ્યા છે. તે ઉપરથી આપણે પણ લાકડી, છત્રી, જોડા વિગેરે બહાર તજી દેવાનું સમજવું. મોજાં પહેરીને પણ જિનમંદિરમાં જવું ઘટિત નથી.

૨ આ પ્રમાણેના પાંચ અભિગમન જાળવી, જિનમંદિરમાં પ્રવેશ કરતાં પ્રથમ અગ્રદ્વારે અન્ય સર્વ ગૃહવ્યાપારાદિ ત્યાગ કરવા રૂપ '**નિસ્સિહી**' કહેવી. ત્યાર પછી અન્ય કાર્ય સંબંધી આલાપ સંલાપ પણ કરવો નહીં. જિનમંદિરે દર્શન કરવા આવતી સ્ત્રીઓ, અને રાત્રે જિનમંદિરમાં અગાશી વિગેરેમાં બેસતા પુરૂષોને અન્ય પ્રકારની વાતચિત કરવાનો નિષેધ છે. પોતે તેવી પ્રતિજ્ઞા કરીનેજ જિનમંદિરમાં પ્રવેશ કર્યો છે એ વાત યાદ રાખવી. સ્ત્રીવર્ગ પ્રદક્ષિણા દેતાં તેમજ બહાર નીકળતાં અનેક પ્રકારની સાંસારિક વાતો કરે છે પણ એવી વાતો કરવાથી પરમાત્માની આજ્ઞાનો અને પોતાની પ્રતિજ્ઞાનો ભંગ થાય છે એ વાત ધ્યાનમાં રાખવી.

૩ જિનમંદિરમાં પ્રવેશ કરી પ્રભુની સામે જઇ દૂરથી મુખદર્શન કરી પછી પ્રભુની જમણી બાજુથી ત્રણ પ્રદક્ષિણા દેવી. આ પ્રદક્ષિણામાં પરમાત્માના ગુણોનું ચિંતવન કરવાનું છે, સ્તુતિરૂપ જે આવડે તે બોલતા ચાલવાની છુટ છે પણ સાથે જીવયતના કરવાની છે, કાંઇપણ અશુચિ પદાર્થાદિકથી આશાતના થતી હોય તો તેનું નિવારણ કરવા કરાવવાનું છે. આ પ્રદક્ષિણાત્રીક ભવભ્રમણ નિવારવા માટે પરમ સાધન છે. પુરૂષવર્ગ માટે તો આ પ્રવૃત્તિ બહોળે ભાગે નાશ પામી ગઇ છે, પરંતુ તે ખાસ આદરણીય છે.

૪ ત્રણ પ્રદક્ષિણા દઇને મુખ્ય દ્વારથી રંગમંડપમાં પ્રવેશ કરતાં બીજીવાર **निस्सिही** કહેવાની છે, આ નિસિહી જિનમંદિર સંબંધી વ્યાપારના ત્યાગ સૂચક છે. હવે માત્ર જિનદર્શન કે જિનપૂજન સંબંધી વ્યાપારજ કરવાનો છે. કદિ અંદર આવ્યા પછી જિનમંદિર સંબંધી કાંઇ કાર્ય લક્ષપર આવે તો રંગમંડપની બહાર જઇને તે કાર્ય કરવું યા કરાવવું. પણ અંદર રહીને હુકમ કરવો નહીં.

૫ રંગમંડપમાં પ્રવેશ કર્યા પછી ગર્ભગૃહની નજીક જઇ પુરૂષવર્ગે પ્રભુની જમણી બાજુ ઉભા રહીને અને સ્ત્રીવર્ગે પ્રભુની ડાબી બાજુ ઉભા રહીને દર્શન કરવા. ચૈત્યવંદનાદિ વખતે પણ આ દિશાવિભાગજ સમજવો અને રંગમંડપમાંથી નીકળતી વખતે પણ પોતપોતાની દિશાના દ્વારથીજ નીકળવું. બરાબર સામા ઉભા રહીને તો દર્શન, ચૈત્યવંદનાદિ કરવાનાજ નથી, કારણ કે તેથી બીજા દ[illegible] નનો અંતરાય પડે છે અને અવિવેક પણ જણાય છે. નીકળવાનું સ્[illegible] પૃથક્ હોવાથીજ રંગમંડપને ત્રણ દ્વારની સંકળના કરવામાં આ[illegible] પણ ત્રણ દ્વાર હોય છે. ફક્ત જ્યાં ચૌમુખ બિંબ પધરા[illegible] ચાર દ્વાર હોય છે.

૬ દર્શન કરતાં પ્રથમ તો અડધું શરીર [illegible]

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ડીને મસ્તકે લગાડવા અને પછી ખમાસમણુ દેતી વખતે બે હાથ, બે ગોઠણુ અને મસ્તક–એ પાંચે અંગ ભૂમિએ લગાડવા. (હાથ અને મસ્તક અધર રાખનારનું ખમાસમણુ સાચું ગણાતું નથી) આની અંદર ત્રણે પ્રકારના પ્રણામનો સમાવેશ થઈ જાય છે.

૭ પ્રણામ કરતી વખતે પ્રભુની સ્તુતિ સંસ્કૃત, માગધી કે ગુજરાતી શ્લોક, ગાથા કે વૃત્ત વિગેરેથી કરવી. તે વખતે એકથી માંડીને ૧૦૮ સુધી શ્લોકાદિ કહેવા. પણ તેનો ઉચ્ચાર શુદ્ધ કરવો, અર્થનું બરાબર ચિંતવન કરવું અને પ્રભુની પ્રતિમા સામે અવિચ્છિન્ન દૃષ્ટિ રાખવી. આ ઠીક ચૈત્યવંદનાદિ વખતે પણ ધ્યાનમાં રાખવાનું છે.

૮ દર્શન કરતી વખતે આજુ બાજુ કે પાછળ નજર કરવી નહીં, પરમાત્માની સામેજ દૃષ્ટિ જોડી રાખવી.

૯ ખમાસમણુ દેતી વખતે પગ, ગોઠણુ ને હાથ મૂકવાની જમીન ઉત્તરાસણના છેડાવડે પ્રમાર્જવાનું ધ્યાનમાં રાખવું.

૧૦ પ્રભાતે ને સાંજે દર્શન કર્યા પછી અંગપૂજા કરવાની ન હોવાથી મૂળનાયકજી વિગેરે સર્વે બિંબોના બરાબર દર્શન કરીને પ્રભુની સામે પણ જમણી બાજુએ ત્રણ ખમાસમણ દઇ ચૈત્યવંદનના પ્રારંભમાં ત્રીજી વાર નિસિહી કહેવી. આ નિસિહી જિનદર્શન યા પૂજાસંબંધી વ્યાપારના ત્યાગની સૂચક છે. હવે માત્ર ભાવપૂજાજ કરવાની હોવાથી આહીં દ્રવ્યપૂજાનો ત્યાગ કરવામાં આવે છે. પ્રભુની પાસે અક્ષત, ફળ, નૈવેદ્યાદિ ધરવું હોય તે બધું ચૈત્યવંદન કર્યા અગાઉજ ધરી દેવું. ચૈત્યવંદન કરતાં તો દ્રવ્યપૂજા સંબંધી કાંઇપણ પ્રવૃત્તિ કરવાની નથી. તે વખત તો માત્ર પ્રભુની સામે દૃષ્ટિ જોડી રાખી એક ચિત્તે પ્રભુના ગુણની સ્તુતિ કરવાની છે. આ વખતે બનતા સુધી પ્રભુની ને પોતાની વચ્ચે કોઈ આડું ન ઉતરે તેવી ગોઠવણુ જોઇએ. કારણ કે માણસોના આડાં ઉતરવાથી અવિચ્છિન્ન દૃષ્ટિમાં ને ધ્યાનમાં પણ અંતરાય પડે છે.

૧૧ અક્ષતનો સ્વસ્તિક ચાર ગતિના અંતસુચક છે, ત્રણ ઢગલી જ્ઞાન દર્શન ચારિત્ર રૂપ રત્નત્રયીના આરાધનની સૂચક છે અને પછી સિદ્ધશિલાની આકૃતિ તે સ્થાનની પ્રાપ્તિની પરમ ઇચ્છાસૂચક છે. આ આકૃતિ કેવી કરવી ? તે સમજવા યોગ્ય છે. આ પ્રસંગે અક્ષતના અષ્ટમંગળિક પણ આળેખવામાં આવે છે, અથવા નંદાવર્ત્ત કરવામાં આવે છે. એની અંદર અક્ષત સારા અને બનતા સુધી અખંડ વાપરવા યોગ્ય છે. પછી તેનાપર ફળ મૂકવું પણ તે તુચ્છ તો કદી પણ ન મૂકવું. સંખ્યા થોડી હોય કે વધારે હોય પણ ઉત્તમ જાતિનું સારૂં ધરવું. ત્યારપછી નૈવેદ્ય તરીકે મીઠાઈ પૈકીનો કોઈપણ પદાર્થ ધરવો તે પણ ચોખો ધરવો. ત્યારપછી નિસ્સિહી કહીને ચૈત્યવંદન કરવું.

અપૂર્ણ.

For Private And Personal Use Only

## " શ્રીમદ્ દેવચંદ્ર. "

પરમપૂજ્ય મુનિમહારાજો તથા જૈનબંધુઓને સવિનય પ્રાર્થના કરવાની કે

શ્રીમદ્ દેવચંદ્રજી મહારાજના બનાવેલા બધા ગ્રંથો એકત્ર કરી તેનું એક મોટું પુસ્તક છપાવવા યોજના ચાલે છે. તેઓશ્રીના બનાવેલા નીચે લખ્યા ગ્રંથો જાણવામાં છે.

| | | |
|---|---|---|
| ૧ આગમસાર. | ૭ મુનિની પંચભાવના. | ૧૩ અષ્ટ પ્રવચન માતાની સઝાય. |
| ૨ નયચક્રસાર. | ૮ પ્રશ્નોત્તર | ૧૪ પ્રભંજનની સઝાય. |
| ૩ ચોવીશી. | ૯ જ્ઞાનમંજરી ટીકા. | ૧૫ ધ્યાનદીપિકા. |
| ૪ વીશી. | ૧૦ સ્નાત્રપુજા. | ૧૬ સમકીતની સઝાય. |
| ૫ ગતચોવીશી. | ૧૧ એકવીશ પ્રકારી પૂજા. | ૧૭ વીરપ્રભુનું દીવાલીનું સ્તવન. |
| ૬ અધ્યાત્મગીતા. | ૧૨ નવપદજી પૂજા (ઉલાલા) | ૧૮ સહસકૂટનું સ્તવન. |

એ સિવાયના બીજા કોઈ ગ્રંથ, ટીકા, ટબો, સ્તવન, સઝાય, આદિ શ્રીમદ્ના બનાવેલાં આપના જાણવામાં હોય તો તે સંબંધી ( બની શકે તેટલી વિગત સહ ) હકીકત નીચે સહી કરનારને જણાવવા મહેરબાની કરશો. જેથી તે વિષય આ ગ્રંથમાં દાખલ કરવાનું બની શકે. વકીલ મોહનલાલ હીમચંદ. પાદરા.

## શ્રી ભુવનભાનુ કેવળી ચરિત્ર ભાષાંતર.

આ ભાષાંતરની બુક બહુજ રસિક તેમજ સંસારનું તાદૃશ ચિત્ર ખડું કરી આપનાર છે. ભુવનભાનુ કેવળીએ પોતાના પૂર્વભવનું સંક્ષિપ્ત ચરિત્ર ચંદ્રરાજા પાસે કહેલું છે તેનો આ ચરિત્રમાં સમાવેશ છે. ખાસ વાંચવા લાયક છે. વિરમગામ નિવાસી શા. ચુનીલાલ સાકળચંદની આર્થિક સહાયથી બહાર પાડેલ આવેલ છે. લાઇફ મેમ્બરોને અને જૈન સંસ્થાઓને ભેટ આપવામાં આવશે. પોસ્ટેજ એક આનો. કિંમત છ આના. પાકી છીંટ સાથે બાંધેલ છે.

## શ્રી યુગાદિ દેશના ભાષાંતર.

આ એક અપૂર્વ ગ્રંથ છે. તેના પાંચ પ્રસ્તાવ છે. તેની અંદર વિષય, કષાય, લક્ષ્મી, સ્ત્રી વિગેરેના સંબંધમાં ઘણી રસિક કથાઓ સમાવેલી છે. પ્રથમ જિનેશ્વરના કુળનું ખાસ વર્ણન છે. આ બુક જૈન ધર્મ પ્રકાશના તમામ ગ્રાહકોને ભેટ આપવામાં આવી છે. કિંમત બાર આના. પોસ્ટેજ દોઢ આનો.

## [illegible] ચરિત્ર ભાષાંતર.

શ્રી સાણંદનિવાસી શેઠ [illegible] ની સહાયથી છપાયેલ [illegible] ના માહાત્મ્ય સંબંધે બનાવેલું છે. ઘણુંજ રસિક છે. જૈન ધર્મ [illegible] ગ્રાહકોને ભેટ આપવામાં આવ્યું છે. કિંમત ચાર આના. પો. અર્ધો આનો.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## લાઇફ મેમ્બરોને ભેટ.

આ સભાના લાઇફ મેમ્બરોને તરતમાં ભેટ તરીકે મોકલવાને મુકરર થયેલી બુકો ૪ ( શ્રીપાળ રાસ અર્થ રહસ્ય યુક્ત, શ્રી યુગાદિદેશના ભાષાંતર, શ્રી પ્રિયંકર ચરિત્ર ભાષાંતર, તથા શ્રી ભુવનભાનુ કેવળી ચરિત્ર ભાષાંતર ) તૈયાર થયેલ છે, તે થોડા વખતમાં મોકલવામાં આવશે. અધ્યાત્મસાર ટીકા પણ સાથે મોકલશું.

## વાર્ષિક મેમ્બરોને ભેટ.

આ સભાના દરેક મેમ્બરોને ભેટ તરીકે આપવાને મુકરર થયેલી શ્રીપાળ રાસ, યુગાદિદેશના ભાષાંતર અને પ્રિયંકર ચરિત્ર આ ત્રણે બુકો ચડેલી ફી પૂરતા વેલ્યુ૦ થી મોકલવામાં આવશે. દરેક મેમ્બરોએ તે વેલ્યુ૦ સ્વીકારી લેવાનું ધ્યાનમાં રાખવું.

## શ્રી જૈનધર્મ પ્રકાશના ગ્રાહકોને ભેટ.

પુસ્તક ૩૧–૩૨ માની ભેટ તરીકે યુગાદિદેશના ભાષાંતર અને પ્રિયંકર ચરિત્ર ભાષાંતર–આ બે બુકો આપવાનું મુકરર થયેલું છે, તે તૈયાર થઇ છે. તેથી પુસ્તક ૩૧–૩૨ માના લવાજમ ઉપરાંત પાછલા લવાજમ સહીત ( લેણું હશે તો ) વેલ્યુ૦ થી મોકલવાનું શરૂ કરવામાં આવેલું છે. ગ્રાહકોએ તરતજ તે વેલ્યુ૦ નો સ્વીકાર કરીને એ બંને અપૂર્વ પુસ્તકોનો લાભ લેવો. વેલ્યુ૦ પાછું ફેરવવાથી લવાજમ તો આપવુંજ પડશે, પરંતુ પછીથી ભેટનો લાભ નહીં મળે.

## શ્રી પાંચ પ્રતિક્રમણ સૂત્ર. અર્થ યુક્ત.

### ગુજરાતી.

આ બુક અમારા તરફથી છપાયેલી નથી. બીજા કોઈએ છપાવેલ પણ તેણે બીલ નહીં ભરવાથી તમામ બુકો અમે ખરીદી લીધી છે, તેની અંદર કવચિત્ અશુદ્ધિ છે. તે બુક પાકા કપડા સાથેના શોભિતા બાઈડીંગથી બંધાવી છે. કિંમતના પ્રમાણમાં બુક સારી છે. તેમાં કાગળો ગ્લેઝ અને રફ–બે જાતના વપરાયા છે. તેની કિંમત સામાન્ય ખરીદનાર વર્ગ માટે ગ્લેઝના છ આના અને રફના પાંચ આના રાખી છે. જૈનશાળા માટે કે ઇનામ માટે ખરીદનાર સારૂ ચાર આના ને સાડા ત્રણ આના રાખી છે. બહારગામવાળાઓએ પોસ્ટેજ દરેક બુકે અરધો આનો જુદું ગણવું.

## રસિક સ્તવનાવળી.

( ચૈત્યવંદનો, સ્તવનો, સ્તુતિઓ, સઝાયો વિગેરેનો સંગ્રહ. )

કિંમત માત્ર બે આના. પોસ્ટેજ જુદું.

---

## ખાસ ખરીદ કરો.

અધ્યાત્મ રસિક બંધુઓ ! અધ્યાત્મ કલ્પદ્રુમ, આનંદઘનપદ્ય રત્નાવળી ને જૈન દ્રષ્ટિએ યોગ–આ ત્રણે બુકો [illegible] ખરીદ કરી સાદ્યંત વાંચી લાભ લ્યો. અપૂર્વ બુકો છે.

For Private And Personal Use Only